vitraag vigyaan

અનન્ય પરિવર્તન

September 2017, Mumbai • Volume 7 • Issue 5



પર્યુષણ મહાપર્વ, ૨૦૧૭

રાજનગર, પર્લી

પર્યુષણ મહાપર્વ, ૨૦૧૭

શુભારંભ સમારોહ
















With Best Compliments From

Dinesh Patel & Mumukshus, Ghatkopar Group, Mumbai



SPONSORS

CALIFORNIA, USA GROUP

અનુક્રમણિકા

પ્રાર્થના ૩
પત્રોની પાંખે ૪
જ્ઞાન સાગર ૫
पूज्यश्री की अमृतवाणी १०
The Master's Voice १२
સમાધિ મરણ १५
SRATRC – North America Centre १७
પ્રશ્નોત્તરી १९
Kshanvaar Thi Anantvaar २२
શ્રી રાધાવતાર २३
પર્યુષણ મહાપર્વ, २०१७ .....२६
Shree Raj Medical Centre ३०
SRATRC - KOLKATA, RIYF ३१
ધારાવાહિક નવલિકા ३२
परम पूज्य प्रेमाचार्यजी और
पूज्यश्री निलेशभाई का खानदेश दौरा ३५
Monday Motivation ३७
RIYF-કર્મના ભેદ ३८
प्रेरक प्रसंग ४०
एक प्रेरणात्मक सत्यकथा ४१
સંબંધોના સથવારે ४२
Spiritual Sessions in
USA and Canada ४३
Health To Happiness ४४
Kidzone ४५
Recent News ४६
Tasty Bites ४८
तत्त्व उकेल ५९
Forthcoming Events ५०
From Us to You ५१
Sponsorship ५२



EDITORIAL

||અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર||

હાલમાં જ પર્યુષણ મહાપર્વ આવીને ચાલી પણ ગયો. પર્યુષણની લૌકીક ઉજવણીમાં વ્રત, તપ, ઉપવાસ વિગેરે કરવા જોઈએ, એવી લોક સામાન્યની સમજણ છે, જે એક દ્રષ્ટિએ જરૂરી છે. પરંતુ પર્યુષણની અલૌકિક ઉજવણીમાં એ સમજવું જરૂરી છે કે પર્યુષણના ૮ દિવસ દરમિયાન સાધક જીવે કયા પ્રકારનો અને કેટલો અંતરંગ પુરુષાર્થ કર્યો અને આત્મા મોક્ષ માર્ગમાં કેટલો આગળ વધ્યો ?

આવી અલૌકિક આત્મ આરાધના માટેનું બળવાન નિમિત્ત આપવા માટે આપણી સંસ્થાએ સૌ પ્રથમવાર, રાજનગર, પર્લી સ્થિત પર્યુષણપર્વની ભવ્ય ઉજવણી કરી. ભવ્ય સભા મંડપમાં ભગવાન મહાવીરના સમવસરણની રચના ખૂબ જ સુંદર અને ભાવોમાં પરિવર્તન કરનારી હતી. સભા મંડપમાં પગ મૂકતાવેંત જ માનો ૪ થા આરામાં સાક્ષાત ભગવાનની હાજરીમાં બેઠા છીએ એવું લાગતું. 'દિવ્ય દેશના' સ્વરૂપે પરમ પૂજ્ય પ્રેમાચાર્યજીના વચનામૃત પત્રાંક ૪૯૩ પરના વાંચન પણ કેવા ? એક એક વચન ઉપર અત્યંત સાદી ભાષામાં ઉદાહરણો સહિત આપી આત્માના ૬ પદના સિદ્ધાંતો નવા જીવોને પણ સરળતાથી સમજાય એ રીતે, 'સમકિતનું સરનામું' ચીંધી દિધું. પરમ પૂજ્યશ્રીના આ પત્ર પરના ચિંતન - મનનનો નિચોડ પુસ્તકરૂપે પણ સૌ સમક્ષ મૂકવામાં આવ્યો જેનો લાભ જિજ્ઞાસુઓ લઈ શકશે. આવા આ દિવ્ય, અલૌકિક પર્યુષણને દેવતાઓના પણ મેઘાર્શિવાદ મળ્યા. આ અંકમાં આનું વિસ્તારીતરૂપ જરૂર વાંચવા - ચિંતવવા યોગ્ય છે.

પર્યુષણ પૂર્વે પૂજ્યશ્રી તથા પૂ. નિલેશભાઈ જલગાંવ-ધુલિયા ગયા હતાં. જ્યાં અમુક મુમુક્ષુઓના ઘરે પરમ કૃપાળુદેવના ચિત્રપટોની સ્થાપના કરવામાં આવી હતી અને ત્યાંના જિજ્ઞાસુઓને 'અનાદિકાળની જીવની ભૂલો' પર સમજણ પણ આપી હતી. સંસ્થાના કોલકાતા સેન્ટરની તથા બીજા અન્ય ઈવેન્ટ્સની માહિતી પણ આ અંકમાં છે.

આ અંકથી કેનેડા-યુએસએના મુમુક્ષુઓ દ્વારા લિખિત એક નવી કોલમની શરૂઆત થઈ રહી છે. 'અમીશ' નામની એક નાની કોમ અમેરીકા જેવા વિકસીત દેશમાં પણ સાવ સાદું જીવન કઈ રીતે જીવે છે તે વાંચી આપને આશ્ચર્ય અવશ્ય થશે.

વર્ષ દરમ્યાન અમોથી જાણતાં અજાણતા જે કંઈ ભૂલો થઈ હોય તે બદલ હૃદયપૂર્વક ક્ષમા ઈચ્છીએ છીએ. મિચ્છામી દુક્કડમ ! ◆



પર્યુષણ મહાપર્વ દરમિયાન અનંત શક્તિનો ધોધ ભક્તજનોના હૃદયમાં વરસાવનાર અને અખૂટ આત્મવીર્ય પ્રગટાવનાર પ્રભુજીના ચરણોમાં કોટિકોટિ વંદના.

હે પ્રભુ ! આ બાળકને હવે આપની આજ્ઞાનુંસાર જ ચાલવું છે, આપ રાખો તેમ રહેવું છે, કાર્ય કરાવો તેમ કાર્ય કરવા છે અને ભાવ કરાવો તેમ ભાવ કરવા છે. આપના શરણે આવેલ આ બાળકનો હાથ ઝાલી, સાથ આપી, આપની બથમાં લેશો અને આપના ઉત્તમોત્તમ ગુણોનું દાન કરી ભવસાગરથી તારી ધન્ય કરશો, ધન્ય કરશો.

પ્રભુ ! મારી આ ભાવનાને ખૂબ ખૂબ વેગ આપશો અને ખૂબ બળવતી બનાવતાં જશો એજ આ રંકની વિનંતી.

ॐ शांतिः शांतिः शांतिः

પત્રોની પાંખે

નિજી ભાવોને વ્યક્ત કરતા પરમાર્થિક પ્રશ્નોનાં નિરાકરણ માટે પરમ પૂજયશ્રી પ્રેમઆચાર્યજી સંબોધિત લખાયેલા જુદા જુદા મુમુક્ષુઓના પત્રોનાં જવાબમાં તેઓશ્રીના ઉત્તરરૂપી પત્રોની આ શૃંખલામાં તેમની નિષ્કારણ કરુણા અને પ્રેમસ્વરૂપ સહજ સ્વભાવના દર્શન થયા વગર રહેતા નથી. ચર્મચક્ષુથી વંચાતા એમના ગુજરાતી ભાષાના સાદા સીધા લાગતા શબ્દોને જો આત્મચક્ષુથી ઉકેલવામાં આવે તો અપરંપાર એવું આત્મત્વ ભરેલું દષ્ટિગોચર થયા વગર નથી રહેતું અને દંગ બની આશ્ચર્યચક્તિ થઈ ''અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર; આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.'' એ પરમ કૃપાળુ દેવનાં વચનો જીવ વેદ્‌યા વગર નથી રહી શકતો.

સદ્‌ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન;
નિજપદ નિજમાંહિ લહ્યું, દૂર થયું અજ્ઞાન.

ગુણાનુંરાગી, પુરુષાર્થી બેન,

માજીને પૂછીને તે જણાવે તે પ્રમાણે કાગળ લખશો અને ફોનમાં વાત કરી શકે તો ફોનમાં વાત કરાવશો.

જે પ્રકારે માજીને પરમ કૃપાળુ દેવની શ્રદ્ધા બળવાન થાય તે કરશો. અત્યારની અવસ્થાએ સર્વ પ્રકારે દ્રવ્યથી, ભાવથી, ક્ષેત્રથી અને કાળથી અપ્રતિબંધ થવાય તેમ જણાવવું. જે કંઈ આસક્તિભાવ, રાગભાવ સંસારમાં હોય તે ત્યાંથી ખેંચી લઈ એક પરમ કૃપાળુ દેવ અને સ્વઆત્મામાં રાખવા પ્રયત્ન કરવો જોઈએ. સંસારભાવ જે પ્રકારે થાય તે કાપવા જણાવશો.

તપ માટે જણાવ્યું તે જાણેલ છે. જે કંઈ તપ થઈ શકે તે કરવા જેવું છે, પરંતુ તપ, તપ માટે નહીં, આત્મા માટે થાય તે બરાબર છે. તપના લક્ષ કરતાં, તપ કરતાં આત્મા પરિગ્રહ બુદ્ધિથી કેટલો છૂટે છે તે ભાવ વધારે કર્તવ્ય છે. વળી તપ કરવાથી શરીર વધારે અસ્વસ્થ રહે અને આત્મા આર્તધ્યાનમાં જાય તેના કરતાં જરા ઓછા તપે આત્મા આત્મસ્વભાવમાં રહે તે લક્ષ રહેવો જોઈએ. આમ છતાં તપ થાય તો કરવા જેવું છે જ.

પરમ કૃપાળુ દેવે તપ છોડી દેવાની, પ્રભુશ્રીને આજ્ઞા આપી ન હતી. પરંતુ આત્મલક્ષ વગર ફક્ત તપનું અભિમાન થતું અને આત્મા ઓળખાયો ન હતો, માટે આત્મ આરાધના વધારે બળવાન થાય તે માટે લુખ્ખું - સૂક્કું અને રસ-કસ વગરનું ખાવાનું જણાવેલ. જેથી ખાવાના સ્વાદ ઉપર સંયમ આવે. કોઈને ચાલુ જમવા કરતાં આયંબીલનું ખાવાનું વધારે ભાવતું હોય અને રસપૂર્વક ખવાતું હોય તો તે પણ ટાળવા જેવું છે. ટૂંકમાં જે પ્રકારે આત્મા સંયમમાં રહે તે લક્ષ રાખી બધું કરવા જેવું છે. માટે યોગ્ય લાગે તેમ કરશો.

એજ લિ.
આત્મભાવે વંદન.



ભક્તિના સાધનો અને પ્રાર્થના ક્રમ

પ્રાર્થનાની ચોથી અવસ્થા

ત્રીજી અવસ્થામાં પ્રતિદિન બે કે ત્રણ વખત નિયમિત પ્રાર્થના કરવાથી, તે સિવાયના સમયમાં રૂડા ભાવમાં ચિત્તને રોકવાથી અને શમસંવેગાદિ ગુણો આવવાથી યોગ્યતા વધવાને કારણે ભક્ત અનુપકારી તેમ ધ્યેયમાં વિઘ્નરૂપ અસત્‌સંગથી નિવૃત્ત થતો જાય છે અને ઉપકારી તથા આત્મભાવને પોષણરૂપ એવા રત્નચિંતામણી સમાન અથવા કલ્પવૃક્ષ સમાન અતિ કલ્યાણકારી સત્સંગના યોગને પામે છે. સત્સંગનો મહિમા અપરંપાર અને વચનાતીત છે, તે તેને અનુભવથી સમજાય છે. સત્સંગમાં શાંતિ અને આનંદનું જે વેદન થાય છે, તથા પ્રભુ પ્રત્યેની પ્રેમ-શ્રદ્ધા વધવાથી જે અનુભવ થાય છે, તે પૂર્વે વેદેલા નહીં હોવાથી તેને અપૂર્વ લાગે છે.

મોક્ષનો માર્ગ કહીએ કે આત્માનુભૂતી, સમકિતનો માર્ગ કહીએ, એ અત્યંત ઊંડાણપૂર્વક વૈજ્ઞાનિક રીતે પ્રયોગો કરવાથી જ પ્રાપ્ત થઈ શકે છે. આ પ્રાર્થનાઓ અનુભવમાં આવે એટલે વિશ્વાસ રાખીને પુરુષાર્થ કરવામાં આવે તો મોક્ષ સુલભ જ છે. દિવસમાં ત્રણ ચાર વાર આ પ્રાર્થના થાય અને આખો દિવસ આ પ્રાર્થનાના ભાવ મનમાં ઘૂટાંયા કરે તો એ પ્રમાણે વર્તનમાં ન આવે એવું તો ન બને. સમકિતના જે પાંચ લક્ષણો કહ્યાં; શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા, અનુકંપા એ ચોક્કસ જીવને આંશિક રીતે પ્રાપ્ત થાય છે, યોગ્યતા ચોક્કસ વધે છે. જીવ માત્રને તેના અનુભવથી ખબર પડે છે કે દશા વધી છે. આટલું ચિંતવન મનન થાય ત્યારે સત્સંગ અથવા સદ્‌ભાવ એના વિચાર સિવાય બીજા કોઈ વિચાર ન હોઈ શકે. સંસારમાં છીએ માટે સંસારની જે જે ક્રિયાઓ કરવાની છે એ કરવાની છે.

પરમ કૃપાળુ દેવે સત્સંગની સરખામણી રત્નચિંતામણી અને કલ્પવૃક્ષ સાથે કરી છે. કલ્પવૃક્ષ પાસે જે માંગીએ એ પ્રાપ્ત થાય; રત્નચિંતામણી હાથમાં હોય તો જે જાતનું ચિંતવન કરીએ એટલે ભાવ કરીએ એ ભાવ ચોક્કસ પૂરા થાય. રત્નચિંતામણી અને કલ્પવૃક્ષ કરતાં અનેક ઘણું વધારે સત્સંગનું મહાત્મ્ય છે.

જીવને સાચો સત્સંગ કોઈ ભવમાં મળેલો ન હોય એટલે કેટલાય ભવોના સંસ્કારના કારણે આ ભવની અંદર પણ સત્સંગનો અર્થ ધર્મકથા, ધર્મ ક્રિયાઓ એનાથી વિશેષ સમજણ ન હોય. કેટલાય ભવોથી એવો સત્સંગ કરવા છતાં જીવને કંઈપણ પ્રાપ્ત થયું નથી. સત્સંગ એટલે જ્યાં સત્ આત્માનો સંગ થાય, આત્માની સાથે એકરૂપ થવાય અથવા આત્માનો આંશિક અનુભવ થાય અને થોડોક પણ શાંતિ, આનંદનો અનુભવ થાય ત્યારે જીવને આ સત્સંગનું મહાત્મ્ય સમજાય છે. સત્સંગનો અર્થ એ છે કે ત્રણ પ્રાર્થના કર્યા પછી ચોથી પ્રાર્થનાની અંદર જીવને આત્મિક ગુણો આંશિક પ્રગટ થાય છે; એટલી યોગ્યતા આવતા જીવને લાગે છે કે પૂર્વના કોઈ ભવની અંદર જે પ્રાપ્ત નથી થયું એ હવે મને પ્રાપ્ત થશે. પછી કલ્પવૃક્ષ સમાન અતિ કલ્યાણકારી સત્સંગના યોગને પામે છે.

સત્સંગ, વાંચન, ધ્યાન, ચિંતવન કરતાં કરતાં અચાનક ઊંડા ઉતરી જવાય અને ત્યાં કોઈપણ બાહ્ય વસ્તુનું અવલંબન ન હોય, મનથી, વિચારથી કોઈ ઈન્દ્રિય સાથે જોડાણ નથી એ વખતે અર્ધી કે એક મિનિટ અપૂર્વ એવી શાંતિનું વેદન, આનંદનો અનુભવ થાય તો ચોક્કસ માનજો એ આત્માના આંશિક અનુભવની શરૂઆત છે. જેને શરણે આપણે ગયા છીએ ત્યાં અનકન્ડીશનલ સરેન્ડર એટલે પરમ ગુલામી જોઈએ.

સત્સંગનો મહિમા અપરંપાર અને વચનાતીત છે તે તેને અનુભવથી સમજાય છે.

આત્માનો અનુભવ થાય તો તે ઈશ્વરપણાનો અનુભવ થયો એમ જ કહીએ ને? પરમ આત્મા એ પરમાત્મા છે અને એ આત્માનો આંશિક અનુભવ એ પણ પરમાત્માનો જ અનુભવ છે ને? જીવને જ્યારે આવો વિશ્વાસ આવે છે કે જે આનંદ, સુખ, શાંતિ, શૂન્યતા કોઈ ભવમાં અનુભવેલા નથી એવો અનુભવ થાય છે, તો કેવળી ભગવાનના અને આપણાં અનુભવમાં કોઈ ફરક નથી એમ ચોક્કસ માનજો. મારો તીર્થંકર જેવો અનુભવ છે! એને અખંડપણે અનુભવ ચાલે છે, આપણો અનુભવ અમુક ક્ષણનો કહીએ, અમુક મિનિટનો કહીએ. બળવાન પુરુષાર્થ કરી અનંતાભવનું સાટુ આ એકજ ભવમાં ચોક્કસ નીકળી શકે છે. આત્માની પ્રાપ્તિ એ ધર્મનો લક્ષ છે.

સત્સંગ, વાંચન, ધ્યાન, ચિંતવન કરતાં કરતાં અચાનક ઊંડા ઉતરી જવાય અને ત્યાં કોઈપણ બાહ્ય વસ્તુનું અવલંબન ન હોય, મનથી, વિચારથી કોઈ ઈન્દ્રિય સાથે જોડાણ નથી એ વખતે અર્ધી કે એક મિનિટ અપૂર્વ એવી શાંતિનું વેદન, આનંદનો અનુભવ થાય તો ચોક્કસ માનજો એ આત્માના આંશિક અનુભવની શરૂઆત છે, જે સમકિત, આત્મજ્ઞાન અને છેલ્લે કેવળજ્ઞાન સુધી પાંચ પંદર ભવે ચોક્કસ પહોંચાડે. પણ ભૂતકાળનાં કોઈ સારા પ્રસંગો યાદ આવે અને એનાથી આનંદની લહેરો આવે અથવા કંઈક બહુજ સારું સંસારમાં બની ગયું હોય એનાથી અનહદ્, અનહદ્ આનંદ હોય, પછી એની સ્મૃતિ લઈએ ત્યારે આનંદ આવે, તો એ સંસારનું છે. આવા સંસારના કોઈપણ ભાવનું નિમિત્ત ન હોય અને જો આવા આનંદનો અનુભવ થાય તો ખાતરી થશે કે કેટલા સાચા માર્ગે છીએ.

આવી શાંતિ અને આનંદનો અનુભવ થાય છે ત્યારે પ્રભુ પ્રત્યે પ્રેમ શ્રદ્ધા વધવાનો જે અનુભવ થાય છે, તેમના પ્રત્યે જે અહોભાવ આવે છે ત્યારે જીવને ચોક્કસ લાગે છે કે કોઈ ભવમાં ક્યારેય કોઈના પ્રત્યે આટલો સ્નેહ, આવી ભક્તિ ઉત્પન્ન થઈ નથી. સંસારમાં આવો પ્રેમ ઉત્પન્ન થાય અને વ્યક્તિ ન મળે તો એ ધીમે ધીમે ઓછો થઈ જાય, જ્યારે આ જગ્યાએ ખૂબી એ છે કે જેના પ્રત્યે આવી ભક્તિ છે એ ન મળે

તો વિરહ વેદનાની અંદર એ વધારે પ્રજ્વલિત થાય અને આ ભક્તિ અને પ્રેમ વિશેષ વિશેષ વધ્યા કરે. ગમે તેટલા વર્ષો સુધી ભક્તિ કરતાં હોઈએ પણ જો અંતરના ઊંડાણમાંથી સત્સંગનું, આત્માનું સાક્ષાત ઈશ્વર જેટલું મહાત્મ્ય હૃદયમાં ન હોય તો જીવ માર્ગમાં ટકતો નથી. જે જે જીવોને જે પદાર્થનું જેટલું મહાત્મ્ય લાગે એ પ્રકારે એ પદાર્થને ગ્રહણ કરવાની ઈચ્છા થાય. તો આત્માનું ને આત્મજ્ઞાનનું જેટલું મહાત્મ્ય જીવને લાગે અને મને પ્રાપ્ત થશે એવો વિશ્વાસ હોય એ જીવની યોગ્યતા છે.

તેથી ભગવાનના દિવ્ય દર્શન માટે તેના અંતરમાં તાલાવેલી લાગે છે તેમ સ્વાનુભવ માટેની ઝંખના પ્રદિપ્ત થાય છે. સત્પાત્રતા આવતાં અને વધતાં શું નથી થતું તે કલ્પવું કઠણ છે.

આવું જ્યારે થાય ત્યારે ઘણીવાર એવા ભાવ રહે છે કે મને ભગવાનના સાક્ષાત દર્શન થવા જોઈએ; બીજો ભાવ સ્વાનુભૂતિનો, મને હવે આત્માનો અનુભવ થાય તો સારું, આત્માનો અનુભવ કેવો હશે? કેટલાય જણને પૂછવામાં આવે. તમને અનુભવ છે? શું થાય મને કહો ને! હું પણ એવો અનુભવ કરી લઈશ. આવા ભાવ થાય ત્યારે સત્‌ભાવ શું કહેવાય એ પછી સમજાતું જાય છે.

આ અવસ્થામાં પ્રાર્થનાકાર, સત્પાત્રયુક્ત ભક્ત ભગવાનની સન્મુખ વિનયાન્વિત્ થઈને બેસી ભગવાન બોલાવે તેમ બોલવાનો નિર્ધાર કરે છે; અને પછી તેના હૃદયમાંથી નીકળતાં પ્રાર્થનાના ભાવોર્મિથી ભીંજાયેલા વચનો બહાર આવે છે.

દરેક જીવને અંતરના ઊંડાણમાં ભાવો ઉત્પન્ન થાય છે. જે જે જીવના જે જાતના દોષો હોય, જે જે ગુણોની પ્રાપ્તિની ઈચ્છા હોય એ પ્રકારની વિનંતિ સહજાસહજ ભગવાન પાસે થાય છે કે મારા આ પ્રકારના દોષો દૂર થવા જોઈએ, આવા ગુણોની મને પ્રાપ્તિ થવી જોઈએ. અત્યંત અત્યંત દીનતા, લઘુતા, નમ્રતા અને 'આ જગતમાં સૌથી અધમાંઅધમ અધિકો પતીત હું છું' એ નિશ્ચય થવો જોઈએ. ત્યાર પછી સદ્‌ગુરુ પ્રત્યે અત્યંત એવો અહોભાવ ઉત્પન્ન થાય છે. ક્યાં હું આવો અને ક્યાં મારા ભગવાન?

''હે પરમકૃપાળુ ભગવંત, અપાર કરુણાના સાગર, ગુણાગુણના ભંડાર, સહજાત્મસ્વરૂપ ચૈતન્યપ્રભુ.''

આવા ગુણો ઈશ્વરમાં અને સદ્‌ગુરુમાં રહેલા છે. આવા એકપણ ગુણ મારામાં નથી, હું આ બધા ગુણોથી વંચિત છું. પરમકૃપાળુ ભગવંત મારા ઉપર આટલી કરુણા ચોક્કસ કરશે, જેટલા એમના આશીર્વાદ હશે એ પ્રમાણે ચોક્કસ ચોક્કસ મારી દશા પણ વધશે. આપણે જેમને આ પ્રાર્થના અને વિનંતી કરીએ છીએ એને આપણે ઓળખતાં હોવા જોઈએ તો જ ખબર પડે એ કેવા કૃપાળુ છે. ઈશ્વરના કેવા ગુણો હોય એટલે આત્માના કેવા ગુણો હોય; હું આત્મા છું, મારામાં કેવા ગુણો હોય, એ નિશ્ચય થયેલો હોય પછી આ શબ્દ નીકળે. આત્માના બધા ગુણો જે તમારામાં છે એનો હું કામી છું, એ ઈચ્છું છું. એવા ગુણો મારે પ્રગટ કરવાનાં છે.

હું આપનું અનાથ પામર બાળક સનાથ થવા આપના શરણે આવ્યો છું. મારું સર્વસ્વ, મારા મન, વચન, કાયા સહિત બધું આપનાં પવિત્ર ચરણે ધરું છું. મારું કંઈ નથી. હવે આપને વિનંતી છે કે અનુગ્રહ કરી આપના દર્શનનો અમૂલ્ય લ્હાવો આપી આ જીવને આનંદિત કરશો. તે શુભ અવસર આવશે ત્યારે આ જીવના આનંદની અવધિ ક્યાંથી હશે? તે મંગળ પ્રસંગની અતીવ ઉત્કંઠાથી હે પ્રભુ! હું પ્રતિક્ષા કરું છું, જલદીથી આવે એવી ભાવના ભાવું છું.

જે રીતે ભગવાન આ દેહથી અતિત થયા છે અને દેહાત્મભાવ રહ્યો જ નથી, આત્મા સિવાય આ દેહનું કાંઈ ઈમ્પોર્ટન્સ નથી, આવા જ્યારે ભાવ થાય ત્યારે દેહની અર્પણતા છે એમ કહેવાય.

જેને શરણે આપણે ગયા છીએ ત્યાં અનકન્ડીશનલ સરેન્ડર એટલે પરમ ગુલામી જોઈએ. આપણામાં કાંઈ શક્તિ ઓછી છે, મૂરખ છીએ શું? એવા અનેક અનેક પ્રકારના માનભાવ, અહંભાવ, હું પણાના ભાવોથી જીવ આવી અર્પણતા કરી શકતો નથી. જે રીતે ભગવાન આ દેહથી અતિત થયા છે અને દેહાત્મભાવ રહ્યો જ નથી, આત્મા સિવાય આ દેહનું કાંઈ ઈમ્પોર્ટન્સ નથી, આવા જ્યારે ભાવ થાય ત્યારે દેહની અર્પણતા છે એમ કહેવાય. મન સંસારના કોઈપણ વિચાર, ભાવમાત્રમાં ન રહે, એ રીતે મનને શાંત

કરીએ. અમારા મનની, કાયાની, વચનની આ દશા અમને પ્રાપ્ત કરાવો, બધું તમને આધીન છે, તમારા શરણે છીએ. આમ પ્રભુના સાક્ષાત દર્શન કરવાની જીવની તાલાવેલી વધે છે. દર્શનની જ્યારે વાત કરીએ છીએ ત્યારે ભગવાનનાં દેહનાં દર્શન તો માંગીએ છીએ પણ ખરેખર એ ભગવાનનું ભગવાનપણું દેહમાં ન હોતાં આત્મામાં છે. હવે જ્યારે ભગવાનનાં દર્શનના ભાવ થાય છે ત્યારે જીવને ભલે ખબર ન હોય તો પણ ઈનડાયરેક્ટલી પોતે પોતાનાં આત્માનાં દર્શન કરવા માંગે છે.

''હે પ્રભુ! અત્યારે તો હું આપના ચિત્રપટ સામે બેસી આપની મુખાકૃતિનું પ્રેમપૂર્વક હૃદયથી અવલોકન કરું છું. તેમાં કેટલો આનંદ આવે છે.''

જીવને સત્પુરુષની સત્પુરુષતાની સમજણ પડેલી હોય, તેમના પ્રત્યે નિર્વિકલ્પ એવી બળવાન શ્રદ્ધા થયેલી હોય, તત્વની જેમ છે તેમ શ્રદ્ધા હોય, તત્વની અમુક અંશે પ્રતીતિ થઈ હોય અને પછી જો જાગ્રત અથવા નિદ્રા અવસ્થામાં દર્શન થાય તો ચોક્કસ આ ભવમાં એ સમકિતનું કારણ બને.

પરમ કૃપાળુદેવના અથવા બીજા ભગવાનના ચિત્રપટ કે મૂર્તિ સામે જોઈએ તો આવા ભાવો અંતરમાંથી ઉપસે છે.

અહો, શી આપની અનુપમ શાંત મુખમુદ્રા!!!

ભગવાનની મુદ્રા જોઈએ એમાં અદ્‌ભુત એવી શાંતિ છે એવું ત્યારે જ તમે માની શકો, અનુભવી શકો જ્યારે એ શાંતિનો અંશ સાક્ષાત આપણામાં પ્રગટ થયો હોય. આ બધા પ્રયોગો કરવાથી આપણી અંદર આ બધા ગુણો પ્રગટ થાય છે.

અહો, કેવી આપની મધુર, દિવ્ય મુખાકાંતિ!!!

આપણને બધાને ખબર છે કે માર્ગમાં જ્યારે આવ્યા ત્યારે આપણી મુદ્રા કેવી હતી અને બે, ચાર, પાંચ વર્ષ પછી આપણા સગાસંબંધી, ઓળખીતા બધાં જ કહેતાં હશે, તમારી મુદ્રામાં ફરક પડી ગયો, પહેલા કરતાં કંઈક જુદું લાગે છે. મુદ્રામાં અજીબ તરહની કાંતિ અને આકર્ષણ થાય એવું દેખાય છે. ભગવાનની મુદ્રાની અંદર આ બધા ગુણો, આવી કાંતિ છે. આત્મા કર્મથી રહિત થઈ જેટલો જેટલો નિર્મળ થાય ત્યારે આત્માનો પ્રકાશ એટલે તેજસવર્ગણા પ્રજ્વલિત થાય, જેના કારણે આખા શરીરની અંદર ચમક દેખાય. વિશેષ પ્રજ્ઞા પ્રગટે તો આંખમાંથી તેજ દેખાતું હોય, મોઢામાંથી તેજના ફુવારા નીકળતાં હોય અને મુદ્રા તો અત્યંત એવી તેજસ્વી લાગતી હોય. જ્યારે આપણને આવા દર્શન થાય તો નિયમ એ છે કે આંશિક ગુણો આપણને પ્રગટ થયા છે. ધ્યાન રાખીએ તો આ ગુણો વિકાસ થઈ એવો જ આપણો પોતાનો અનુભવ પણ થશે.

અહો, કેવું આપનું તેજોમય લલાટ!!!

કપાળ ઉપર પણ અજીબ તરહની તેજ રેખાઓ, અમુક જાતના કલર પણ દેખાય. પાંચમું, છઠ્ઠું ચક્ર ખુલેલું હોય તો એ જીવોને એટલી સમજણ પડે કે આજ્ઞાચક્ર ખુલ્લી ગયું છે. આ રીતે જ્યારે પ્રભુની મુદ્રા જોઈએ છીએ ત્યારે એમનામાં કેવા કેવા આત્મિક ગુણો છે એ પણ આપણે આપણા અનુભવથી સમજી શકીએ એવું હોય છે.

અહો, આપના પ્રકાશમય નયનો ને તેમાંથી નીતરતાં અમીરસ ઝરણો!!!

ભગવાનની મુદ્રા જોઈને અંદર કેવા અદ્‌ભુત આત્મિક ગુણો રહ્યાં છે એ પણ ખબર પડે છે. અનુભવમાં આવે, સમજી શકાય એવો આ સાચો મોક્ષમાર્ગ આપણને પરમ કૃપાળુદેવે બતાવ્યો છે. અંધકારમાં રખડતાં હતાં, હવે પ્રકાશનાં કિરણો મળેલા છે, તો પ્રાપ્ત કરવું જ જોઈએ.

આપની વીતરાગ સ્વરૂપ મુખાકૃતિનાં દર્શન કરી હું પાવન થાઉં છું. આપનાં દર્શન કર્યા જ કરું એમ આત્માથી ભાવ રહે છે.

એ પ્રકારે ભક્તના પ્રેમના ભાવો હૃદય ગુફામાંથી બહાર આવે છે ત્યારે ભક્તનો આત્મા પ્રેમસભર થતાં હળવો અને કોમળ થાય છે. વારંવારની પ્રેમ-ભક્તિથી તેનાં સુભાગ્યના શુભ ઉદયે ભગવાનનાં દર્શન થાય છે અને તેનો આત્મા પ્રફુલ્લિત થઈ આનંદરસનો અપૂર્વ આસ્વાદ કરે છે. આ ભગવાન અન્ય કોઈ નથી પણ જે ભગવાનરૂપ

સત્પુરુષનો તે સત્સંગ કરે છે, તે જ છે. આ દર્શનનું ઉત્તમ ફળ સમ્યક્‌દર્શનની, આત્મજ્ઞાનની પ્રાપ્તિ છે, અને તેમ થશે તેવી ખાત્રી આપે છે.

ભગવાનની મુખમુદ્રાનાં દર્શનથી એમની શાંતતા, મુખની કાંતિ, કપાળ ઉપર પ્રકાશનું તેજ આજ્ઞાચક્ર એવા સામુદ્રિક લક્ષણોથી બીજા કરતાં કાંઈક જુદાપણું દેખાય. હવે આત્માનો વિશેષ વિકાસ જ્યાં પ્રગટ થયો હોય, ભક્તની સત્પુરુષ પ્રત્યેની અદ્‌ભુત એવી વિકલ્પ રહિતની શ્રદ્ધા હોય તો આજ્ઞાચક્ર સિવાય પણ બીજા એવા દર્શન થાય છે કે જેનાથી જીવને ચોક્કસ ખાતરી થાય કે આ સાચું છે, સાચા માર્ગે છીએ. હૃદય એટલું કોમળ થયું હોય અને ભગવાનનાં દર્શનની જો તીવ્ર તાલાવેલી લાગેલી હોય તો એમનાં દર્શન સ્વપ્નમાં થાય છે.

સત્પુરુષનાં માર્ગદર્શન હેઠળ આ મોક્ષમાર્ગની આરાધના ચાલી રહી છે જે સો ટકા સમક્તિનું કારણ છે. સત્પુરુષ પ્રત્યે લૌકિક ભક્તિ અને પ્રેમ હોય અને પછી વારંવાર એમના દર્શન થાય છે, તો એ લૌકિક દર્શન છે. એ કોઈ કલ્યાણનું કારણ નથી. જીવને સત્પુરુષની સત્પુરુષતાની સમજણ પડેલી હોય, તેમના પ્રત્યે નિર્વિકલ્પ એવી બળવાન શ્રદ્ધા થયેલી હોય, તત્વની જેમ છે તેમ શ્રદ્ધા હોય, તત્વની અમુક અંશે પ્રતીતિ થઈ હોય અને પછી જો જાગ્રત અથવા નિદ્રા અવસ્થામાં દર્શન થાય તો ચોક્કસ આ ભવમાં એ સમક્તિનું કારણ બને, જે સમક્તિ પંદર ભવની અંદર ચોક્કસ મોક્ષનું કારણ થાય. આવા દર્શન થયા પછી જેટલો બળવાન પુરુષાર્થ જીવ કરી શકે એટલા પંદરમાંથી ઓછા ભવ કરી શકે. લૌકિક અને અલૌકિક દર્શનનો જે ફેર છે એ સમજવા જેવો છે.

હવે સત્સંગનું આરાધન તે પ્રેમીભક્તને વિશેષ વિશેષ ઉપકારી થતું જાય છે. સત્પુરુષ પ્રત્યેનો તેનો પ્રેમ - શ્રદ્ધાભાવ વિશેષ બળવાન થતો જાય છે. ભાવની સ્થિરતા વેળાએ ચૈતન્ય સ્વરૂપનાં ભિન્ન ભિન્ન પ્રતિકો ભિન્ન ભિન્ન સમયે તેને દ્રષ્ટિગોચર થાય છે.

જીવની જેમ જેમ દશા વધતી જાય છે એ પ્રકારે જુદા જુદા અનુભવ થાય છે અને આવા દરેક અનુભવ એ બતાવે છે કે આત્મા ચોક્કસ ચોક્કસ વિકાસ કરી રહ્યો છે.

તે પ્રતિકો છે - ઊગતો સૂર્ય, બીજનો ચંદ્ર, તારો અથવા તારાઓનું ઝુમખું, વિધુત જેવો પ્રકાશિત ઝબકારો, હીરો, હીરાની કણીઓ, હીરાનો હાર, ઝાંખો કે તેજસ્વી પ્રકાશ, દીવી, જ્યોત વિગેરે.

આ બધા પદાર્થમાંથી પ્રકાશ રીફ્લેક્ટ થાય છે. આવા જે કંઈ અનુભવ છે એ બતાવે છે કે આત્મા એ વિશેષ પ્રકારનો એવો પુરુષાર્થ કરી વિકાસ પામી રહ્યો છે.

યાદ રાખવું આવશ્યક છે કે આ બધા પ્રતીકો માત્ર બાહ્ય છે અને ઉત્સાહ વધારવા માટે સ્વઆત્માની ઉજ્જવળતા થવા અર્થે નિમિત્ત માત્ર છે, પણ તે આત્માનો અનુભવ નથી. પણ તે પ્રતિકોને જોનાર આત્મા છે.

જૈનદર્શન સિવાય બીજા અનેક દર્શનની માન્યતા છે કે પ્રકાશ જે આંખેથી જોઈ શકાય છે એ આત્મા છે. જે જુએ છે એ આત્મા છે, દેખાય એ આત્મા ન હોય. એવા પણ અનુભવ હશે કે કૃપાળુદેવનાં ચિત્રપટ સામે બેસી એમની આંખમાં આંખ મલાવીને વાત કરી હોય તો કૃપાળુદેવ આંખનું મટકું મારે છે, ક્યારેક લાગે કે હોઠ ફફડે છે. એ જ પ્રમાણે એ મૂર્તિની ચારેબાજુ એક સોનેરી રેખા દેખાય, બીજા કલર દેખાય, કાં મૂર્તિ ન દેખાય, ખાલી પ્રકાશ દેખાય. આ ભવની અંદર આટલા અનુભવ થાય એ ઘણી મોટી વાત છે. શાંતિથી ધીરજ રાખી અને આગળ વધ્યા કરવાનું છે.

ક્યારેક મેઘધનુષ અથવા તેનાં જુદા જુદા રંગોમાંથી એક અથવા વધારે રંગ જોવામાં આવે છે. દરેક રંગનો પરમાર્થ તેમ મહાત્મ્ય છે; તો વળી ક્યારેક જિનમંદિર, જિનપ્રતિમા, સાધુસંત વિગેરેના દર્શન થાય છે અથવા મીઠી સુગંધ પણ અનુભવાય છે.

ગુરુ ઈનડાયરેક્ટલી કેવી રીતે કૃપા કરે છે, એમની કેવી કરૂણા છે અને કેવી રીતે એ જીવને મદદ કર્યા કરે છે એ જીવને ક્યારેય ખબર પડવા દેતાં નથી.

વૈજ્ઞાનિક પદાર્થ છે. સાક્ષાત અનુભવથી અનુભવી શકાય એવું છે. ◆

* ભક્તિમાર્ગનું રહસ્ય .... લેખક : શ્રી ભોગીલાલ ગીરધરલાલ શેઠ

નોંધ : પૂજ્યશ્રીના 'ભક્તિમાર્ગનું રહસ્ય'ના વિવેચનોનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

वचनामृत पत्रांक ९६



कोई ऐसा योजक पुरुष (होना चाहे तो) धर्म, अर्थ, काम की एकत्रता प्रायः एक पद्धति - एक समुदाय मे, कितने ही उत्कृष्ट साधनों से, साधारण श्रेणी में लाने का प्रयत्न करें और यह प्रयत्न अनासक्त भाव से -

(१) धर्म का प्रथम साधन ।

(२) फिर अर्थ का साधन ।

(३) काम का साधन ।

(४) मोक्ष का साधन।

किसी को ऐसा विचार आता हो कि समस्त दुनिया के सभी लोग सत्धर्म के मार्ग पर मुड़े और सब को धर्म की प्राप्ति होकर, अदभुत दशा, परम पद की प्राप्ति करें, तो ऐसा कोई विलक्षण बुद्धिवाला ज्ञानी पुरुष हो और निर्वाण के मार्ग का निर्णय करनेवाला ज्ञानी पुरुष हो, तो उसको क्या करना चाहिये? इसके लिए चार साधन बताये गये हैं, जिनका यथार्थ रूप से विचार करके उसके ऊपर अत्यंत ही गहराई से आराधना होनी चाहिये। अतः पहले धर्म, फिर अर्थ, काम और मोक्ष का साधन जो, हर एक समुदाय के अनुसार अलग-अलग तरीके से हो सकता है।

ऐसी एक मान्यता है कि जैन दर्शन के अंदर कर्म के अद्भुत सिद्धांत है और जगत के अन्य कोई भी दर्शन को इस

विषय पर जानकारी नहीं है, तो क्या दूसरे दर्शन के कोई भी अनुगामियों को मोक्ष की प्राप्ति नहीं होगी? ऐसा तो हो नहीं सकता। इसी तरह बहुत ही साधारण सी बात हम कहते रहते है कि प्याज, आलू नहीं खाने चाहिए, उनको खाने से बहुत पाप लगता है और नर्क में भी जा सकते हो, तो जैनों की जनसंख्या विश्व के मुकाबले में उंगलियों पर गिन लो उतनी होगी, तो क्या इतने थोड़े लोग ही मोक्ष जायेंगे? बाकी जगत के दूसरे लोग जो अन्य धर्म के हैं, प्याज और आलू खाते हैं वे क्या, सब नरक में जायेंगे? क्या वे अधर्मी कहलाते हैं?

परम कृपालुदेव कहते हैं, कोई ऐसा विलक्षण प्रतिभा संपन्न पुरुष हो और जो संपूर्ण मोक्ष के मार्ग को उसको तय करना हो तो कोई समुदाय के अनुसार वह निश्चित कर सकते है। समुदाय कैसा? जिनकी लगभग आदते एक सी हों, जिनकी रुची और अच्छी - बुरी चाहते एक जैसी हो, ऐसे जितने लोग है, उनका एक वर्ग, उनको फिर जो मार्ग बताना हो वह एक प्रकार का; दूसरे प्रकार के लोग, मान लो कि मुस्लिम हो, वे मांसाहारी ही होंगे, तो उन्हें उन्ही के तरीके से कहने में आए, समझाने में आये। इसी प्रकार आगे चलकर सभी के लिए रास्ता एक ही मिल जाये।

अर्थ और काम की क्रियाओं का परिहार न करके, वह इस तरह से करनी चाहिए कि पूर्व के कर्मो से छूट जाए। यह तब हो सकता है जब धर्म की असर उसके उपर हो।

मुस्लिम के धर्म की बात करें तो बकरी इद पे, बकरी एवं भेड़ को काट के अत्यधिक हिंसा करते हैं, ऐसा आज भी प्रचलित है। जब उनके शिष्य मोहम्मद पैगम्बर के पास जाकर उनको पूछते है कि मुझे क्या करना चाहिये? तो उसको इतना ही कहा, कि अगर तुझे इस संसार से छूटना है, तो तेरी जो अत्यंत प्रिय से प्रिय वस्तु है उस वस्तु को छोड़ना पड़े, उनकी भाषा में हलाल शब्द का प्रयोग किया, यानि हलाल करना पड़े। वह भोला-भाला बालक कुछ समझा नहीं और उसने उसके प्रिय भेड़, जो उसके बाल काटकर उससे गद्दे बनाता, जिससे उसको दूध मिलता, उसे मार डाला और वहाँ जाकर जब उसने कहा की मंने तो ऐसा किया, तो उन्होंने कहा कि मैने तो ऐसी हिंसा करने के लिए नहीं कहा था। जो वस्तु तुझे प्रिय है उसे छोड़ने के लिए कहा था। यह प्रथा आज भी प्रचलित है क्योंकि पैगम्बर ने शिष्य को मारने के लिए कहा इसलिए भेड़ को उसने मार दिया।

अब परम्परागत से चले आ रहे होने से सारी समझ अलग हो जाती हो तो भी आज बहुत से लोग यह बात को मानते है और इस प्रकार की हिंसा नहीं करते हैं। परंतु जो नहीं मानते, वे करते हैं। आज कितने ही ऐसे मुस्लिम भाई होंगे जो मांस भी नहीं खाते।

तो परम कृपाणु देव का कहने का आशय यह है कि धर्म हे, यह सिर्फ धर्म, धर्म करने से नहीं हो सकता। अर्थ और काम, याने पुरुषों को कमाना चाहिये, आर्थिक व्यवस्था सुचारु रूप से चलनी चाहिये और काम याने, जो पूर्व के कर्म हैं जिसमें सभी प्रकार के मनोरंजन जैसे स्त्री, पुरुष के भोग वह भी इसमें समाहित हो जाते हैं। अब जो स्त्री पुरुष के संबंध हैं वे तो भवों से चले आ रहें हैं, उसको ठोकर मारे तो वैसे ही कर्म भवों भव तक चलते रहते हैं।

तो यहां पर कहने का आशय इस प्रकार से है कि अर्थ और कर्म की व्यवस्था इस तरह से करने में आयी हैं कि पूर्व के अनेक भवों के कारण जो भी द्रव्य उपार्जन करना है, जो भी संसार के भोगों को पाँच इंद्रियों के माध्यम से आपको भोगना है, वे आपके निकाचित कर्म होने के कारण भुगतने हीं पडेंगे। इसलिए अर्थ और काम वे दोनों क्रियाओं का परिहार नहीं कर सकते, वे करनी ही पड़ेगी। किस तरह? इस तरह से वह क्रिया होनी चाहिये कि पूर्व के कर्मो से छूट जाये। वैसी क्रिया तब हो सकती है जब धर्म की असर उसके उपर हो और फिर उस कर्म से निवृत्ति होती जाये और थोडे ही भवोमें सभी कर्मो से जीव नीवृत्त हो। इस प्रकार आराधना और कुछ शास्त्रों की व्यवस्था होनी चाहिये। ◆

ॐ शांतिः शांतिः शांतिः

नोंध : पूज्यश्री के पत्रांक ९६ के विवेचन का यह संक्षिप्त स्वरूप अनन्य परिवर्तन के संपादक विभाग द्वारा लिखा गया है।

SHRIMAD RAJCHANDRA VACHANAMRUT

Patrank 108 (contd.)

In the previous issue we saw how in very short sentences, Param Krupaludev explains about our thoughts, feelings and bhaav which we indulge in during our daily lives. Once we indulge in them, they keep automatically repeating within our minds for years together leading to karm bondage. If we can understand the significance of these small vachans and put them in practice, we can shed infinite karmas.

Don't recollect that if such and such a thing had happened, I would have been happy.
Don't insist that it will be good if things were in a particular way.
Don't learn to remember that someone did inappropriate towards me.
Don't remember that someone did appropriate towards me.
Don't believe that this is a bad cause for me.
Don't strongly believe that this is a good cause for me.
Don't be steadfast in belief that if this was not there, I would not have got bound.
Don't accept a one sided approach that past karmas are strong and that is why this situation has arisen.
Don't lament that my effort was in vain.
Don't believe that due to others' fault, I am bound.
Give causes to others to forget their own faults.
A Saint's first teaching is that you are bound only due to your own faults.
Your only fault is that you believe what is your own that which is not yours, forgetting your own self.

Don't recollect that if such and such a thing had happened, I would have been happy.

Whenever we are unhappy, many a time we think if the opposite person had not done such and such thing, it would have made me happy. In very small incidents of life for e.g. when wife or daughter have gone shopping and were asked to get something and if they don't get what you had asked or get something else, how much agitated we become? At such times, check your

bhaav. If such thinking is avoided, it will not be a reason for unhappiness.

Don't insist that it will be good if things were in a particular way.

One can desire that it will be good if things were in a particular way but don't insist, Oh! God if this will happen, my life (sansaar) will be happy. Sansaar has to be good for spirituality and not for materialistic indulgence. Peace within family calms the mind and makes it conducive for spiritual practices. The intensity of your insistence and expectations definitely leads to unhappiness. Therefore, try to memorize such small vachans and put them in practice. After a few days, memorize another few vachans and in this manner, it will become natural just like when we step out of home, we naturally put on footwear, we don't have to remember it. Thus the soul will start behaving naturally and the mind, 5 senses and the body will come under its control. But due to lack of faith, we hear, read and forget such vachans and get caught in routine.

Don't learn to remember that someone did inappropriate towards me.

We keep old grudges within us for years and at the appropriate time, vent our feelings sarcastically to the opposite person. It is to be understood that remembering such things within leads to compounding of karmas and a small karma in a few years grows large by a number of times and the karm bondage cycle goes on. For the one who has done ill towards you and for whom you have ill feelings whether he suffers or not is not in your control but your soul indulged in such negativity and therefore, it will bear the fruits of such feelings. It is impossible for any person to become happy or unhappy due to us. Learn to forget that someone did inappropriate towards me. Even after months if you meet him, greet him with innocence and the person will have shame, if not the first time, but surely after a few occasions.

Don't remember that someone did appropriate towards me.

In this world, whoever has obliged us, towards such a one, we will always be submissive. For e.g. a person may achieve a senior position in his job and may have good relations with his boss who had obliged him. Suddenly when the boss is angry and unjustly reprimands, he thinks, I am under so many obligations of the boss and so must bear up with him and do whatever he asks which may otherwise be inappropriate. This is the worldly way of thinking.

In spirituality, the obligations have to be forgotten and this is beneficial to the other person. A person progressing on the spiritual path develops compassion for one and all and for a person who has obliged him he will naturally have compassionate feelings towards him and will hope that he too should progress.

Don't strongly believe that this is a bad cause for me.

It keeps happening that in small things, we

believe that he/she is a bad cause for me or that he/she is an auspicious cause for me. For e.g. take 2 competing businessmen. In case of loss of or in business one will always blame the other and curse him. So, one has to be careful of such negativity. Whatever we get in this life is a result of our past karmas. The other person behaves in a particular way as he is shackled by his own karmas and innocently faces the punishment. That he is my past karm and via him, I am subjected to its fruit ought to be our approach.

Don't strongly believe that this is a good cause for me.

That due to him everything is fine for me should not be thought. It is due to my own punya and auspicious karm that I am getting everything. No one can give anything to another is a principle. So, don't strongly believe that this is a good cause for me.

Don't be steadfast in belief that if this was not there, I would not have got bound.

We most commonly utter these words, "Oh God! because of him/her, I am subjected to so many karmas being bound to me and in his/her absence, I would become free"; or "Oh God! When will I be free of him/her?" A jeev gets bound only by his own karmas and not because of any other person/s. We get affected by causes which result in karm bondage and if we don't get affected, it is not a reason for karm bondage.

Don't accept a one sided approach that past karmas are strong and that is why this situation has arisen.

When a jeev is undergoing immense unhappiness facing unpleasant situations, he keeps lamenting and blaming past karmas and indulges in negative thinking without realizing that it is a result of his past karmas. Param Krupaludev says, "don't accept a one sided approach that past karmas are strong and hence this situation has arisen" and it implies that in such situations if you make serious efforts (instead of blaming past karmas), you will be able to shed a small per cent of karmas. When you bear up and remain equipoise in such situations, there is nothing to lament or complain. It is important to understand that simultaneously 2 things are happening, outwardly, one is expressing that these are past karmas and from within, he is equipoise. Whoever is equipoise within says, "I am silently bearing up" whereas the one who is not says, "I am bearing up silently, what can I do? etc". Both are uttering similar words but for one there is existence of negativity within and the other is composed from within.

Aum Shanti: Shanti: Shanti:

Concluded

Note: This edited version of Param Pujya Premacharyji's discourse is done by the Editorial Team of Ananya Parivartan

સમાધિ મરણ

■ પૂ. ભોગીલાલ ગિ. શેઠ (પરમ પૂજ્ય બાપુજી)

મરણના પ્રકારોઃ

શાસ્ત્રમાં ભિન્ન ભિન્ન અપેક્ષાએ 'અવિચિય', 'તદ્‌ભવ', ઈત્યાદિ સત્તર પ્રકારના મરણનું કથન કર્યું છે, તે સર્વને પાંચ મુખ્ય પ્રકારમાં સમાવી શકાય. તે નિચે પ્રમાણે છે.

(૧) પંડિત પંડિત મરણ

(૨) પંડિત મરણ

(૩) બાલ પંડિત મરણ

(૪) બાલ મરણ

(૫) બાલ બાલ મરણ

આ પાંચ પ્રકારને પણ બે વિભાગમાં વહેંચી શકાય.

(૧) સમાધિમરણ (૨) અસમાધિમરણ

હવે પાંચ પ્રકારના મરણની સમજણ લઈએ.

(૧) જ્યાં સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શન અને સમ્યક્‌ચારિત્રની એટલે રત્નત્રયની ઐક્યતારૂપ અતિશયતા અને પૂર્ણતા હોય અને દેહત્યાગ થાય તે પંડિત પંડિત મરણ.

(૨) જ્યાં રત્નત્રયની ઉત્તમતા ન હોય તેવા સમ્યકદ્રષ્ટિ સંયમીનું મરણ તે પંડિત મરણ.

(૩) સમકિતી શ્રાવકનું મરણ તે બાલ પંડિત મરણ

(૪) સ્વ-પરના વિવેકવાળી સાચી શ્રદ્ધા ન હોય, જડચેતનના ભેદનું જ્ઞાન ન હોય અને તેથી બાહ્ય ચારિત્ર પણ ન હોય એટલે ધર્મની ઓથથી શ્રદ્ધા હોય પણ તે શ્રદ્ધા દૃઢ ન હોય તેનું મરણ તે બાલમરણ.

(૫) અને તેથી પણ ઉતરતા અને ન્યૂન ભાવોવાળા, ધર્મને નહીં સ્વીકારનારા મૃત્યુ પામે તેનું મરણ બાલબાલ મરણ.

આ પ્રમાણે ભાવોની અપેક્ષાએ જોતાં અનેકાનેક પ્રકારના મરણ કહી શકાય, ગણાવી શકાય. સરળતાએ સમજવા માટે બે પ્રકાર કહ્યા છે.

(૧) સમાધિમરણ (૨) અસમાધિમરણ

જ્યાં આત્મા, આત્મધર્મ પામવાના ઉત્તમ સાધન અથવા નિમિત્તરૂપ શ્રી સત્‌દેવ, સત્‌ગુરુ, સત્‌ધર્મના ભાવમાં રહી છેલ્લે અવસરે દેહત્યાગ કરે તે સમાધિમરણ છે.

જ્યાં વિષયભોગ, સ્વજન, કુટુંબ, ધનાદિ સંપત્તિ અથવા ટૂંકમાં કહીએ તો આત્મભાવથી ભિન્ન એવા કોઈપણ પ્રકારના મોહ તથા માયા યુક્ત સંસારભાવમાં રહીને દેહ છૂટે તો તે અસમાધિ મરણ છે.

આયુષ્ય પૂર્ણ થતાં છેલ્લો શ્વાસ સંચરે તે વેળાનો આત્માનો ભાવ ખૂબ ખૂબ મહત્વનો છે. એટલા માટે જ મતિ એવી ગતિ કહી છે. તેથી ઉલટું છેલ્લે સમયે ગતિ એવી મતિ હોય એ પણ સત્ય છે. છેલ્લે જીવનો ભાવ કેવો હતો તે સામાન્ય મનુષ્યથી જાણી શકાતું નથી. બાહ્ય ચિન્હોથી અંતરંગ ભાવનું માપ કાઢી શકાય. તેનું જ્ઞાન તો દશાવાન જ્ઞાની ભગવંતને થાય છે.

હવે મોક્ષપદની નિકટતા દર્શાવતા ભાવોને સંક્ષેપે જોઈએ.

દેહ છોડતી વખતે જેટલા અંશે વધારે અસંગપણું એટલી આત્મ સ્વભાવના અનુભવની નિર્મળતા અને નિમગ્નતા, તેટલું વધારે નજીક મોક્ષપદ છે એમ જાણવું. ઓછા અંશે હોય તો થોડું દૂર છે એમ સમજવું. જેટલા અંશે પર સંબંધનું નિર્મોહપણું એટલે પરભાવ પ્રત્યે પરમ ઉદાસીનતા અને નિજ સ્વભાવ પ્રત્યેનો એકલક્ષ હોય, વૃત્તિ હોય, ભાવ હોય, તેના પ્રમાણમાં મોક્ષપદની નિકટતા સમજવી...

દેહ છોડતી વખતે જેટલા અંશે મોહપણું, વિષમરસપણું રહે તેટલા અંશે મોક્ષપદની પ્રાપ્તિ દૂર છે.

સમાધિ - અસમાધિ મરણના નિયમો

એકવાર પણ સમાધિમરણ થાય તો અનંતકાળના અસમાધિમરણ ટળે છે અને જીવ સંસારના આધિ, વ્યાધિ

અને ઉપાધિરૂપ સમસ્ત દુઃખોથી વિમુક્ત થઈ, સ્વસ્વરૂપની શુદ્ધતાને પામીને શિવ થાય છે. નિજાનંદ અને સ્વરૂપશાંતિમાં સર્વકાળને માટે ઝૂલે છે, નિમગ્ન રહે છે. આવો છે સમાધિમરણનો અપૂર્વ પ્રભાવ, આવી છે સમાધિમરણની અદ્‌ભુત અને બેહદ, વિરાટ અને તેજસ્વી શક્તિ!

અનાદિકાળથી જીવ અવળે માર્ગે ચાલ્યો છે. સંસાર-સુખની વહાલપે તેને ઘેરી લઈ મજબૂત ભીડાથી બાંધી લીધો છે. અંતકાળે પણ દેહ, સ્ત્રી, પુત્રાદિ તથા સર્વ અચેતન પદાર્થોમાં મમત્વપણું રાખીને દેહત્યાગ કરી અસમાધિમરણને પ્રાપ્ત થયો છે. પ્રત્યેક મરણ પ્રસંગે તે આમ કરતો આવ્યો છે. માનવદેહની ઉત્તમતા તેને સમજાણી નથી, તેથી તો જ્ઞાનીપુરુષો ઉપદેશવચનો પ્રકાશે છે કે,

''દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંતવાર પ્રાપ્ત થયા છતાં કંઈ પણ સફળપણું થયું નહીં, પણ આ મનુષ્ય દેહને કૃતાર્થતા છે, કે જે મનુષ્યદેહે આ જીવે જ્ઞાનીપુરુષને ઓળખ્યા તથા તે મહાભાગ્યનો આશ્રય કર્યો, જે પુરુષના આશ્રયે અનેક પ્રકારના મિથ્યા આગ્રહાદિની મંદતા થઈ, તે પુરુષના આશ્રયે આ દેહ છૂટે એજ સાર્થક છે'' - શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક ૬૯૨

અહીં જ્ઞાનીપુરુષની ઓળખાણ થઈ તેના આશ્રયે એટલે શરણે જઈ દેહ છૂટે તો મનુષ્યદેહની સાર્થકતા છે અર્થાત્ એ જ સમાધિમરણ છે, આ એક નિયમ બતાવ્યો.

મૂળભૂત સિદ્ધાંત એ છે કે જીવનકાળ દરમ્યાન અથવા અંતકાળ સુધી જે કંઈ સાધના જીવે કરી હોય અને ભાવને ઘૂંટીને, પુરુષાર્થ કરીને જે આત્મદશા સંપ્રાપ્ત કરી હોય એટલે વિકાસ સાધ્યો હોય, બરાબર તેને અનુરૂપ ભાવ અંત સમયે સહજ જ આવીને ઊભો રહે છે. અને સંસારગત વહાલપ જેના અંતરમાં રમતી હોય, તેને તે પ્રકારના ભાવ છેલ્લે ઉદયમાં આવે છે અને અસમાધિમરણ થાય છે.

આ સિદ્ધાંતનો ગંભીર અર્થ એ થયો કે સમાધિમરણ માટે પૂર્વ તૈયારી હોવી ઘટે છે. તે તૈયારી લાંબા કાળની ધીમી કે ટૂંકા કાળની તીવ્ર હોઈ શકે છે. માત્ર ન્યૂનમાં ન્યૂન એ કે ધર્મરૂચિ અને ધર્મશ્રદ્ધાના સંસ્કારો હૃદયાકાશમાં ગુપ્તપણે પણ રહ્યાં હોવા જોઈએ, જેથી યોગ્ય નિમિત્ત મળતાં પ્રકાશી ઊઠે. ધારો કે કોઈ એક જીવનું આયુષ્ય ૬૦ વર્ષનું છે અને તે જીવ ૫૫ વર્ષની વય સુધી ધર્મરૂચિ અને ધર્મશ્રદ્ધા હોવા છતાં તેવી કોઈ પ્રવૃત્તિમાં રસપૂર્વકનો પુરુષાર્થ ઉપાડતો નથી, તથા સંસારસુખના ભાવોમાં ઓતપ્રોત રહી આયુષ્ય નિર્ગમન કરે છે. પરંતુ તે વયના વહેણ પછી સંસારદુઃખનું, આપત્તિનું કે સ્વજનાદિની ધર્મપ્રવૃત્તિનું નિમિત્ત પામી વૈરાગ્યભાવમાં આવે છે અથવા પૂર્વના ઋણાનુબંધીનો સત્યોગ મળી આવે છે ત્યારે પૂર્વ સંસ્કારો જાગૃત થાય છે અને તે જીવ ધર્મમાર્ગમાં વળી, શ્રદ્ધા વધારતો વધારતો આગળ વધી ધર્મારાધન ખંત, હોંશ અને ઉત્સાહપૂર્વકના જીવનના અંત સુધી કરે છે. તે છેલ્લા પાંચ વર્ષના રસપૂર્વકના આરાધનથી સમાધિમરણનો અપૂર્વ લાભ મેળવી શકે છે.

ઉપરનું ઉદાહરણ એ બોધ અર્થે નથી કહ્યું કે હાલમાં પ્રમાદ વર્તે તે ઠીક છે પરંતુ આગળ ઉપર ધર્મારાધન કરી અંતકાળને સંભાળી શકાય છે. ઉત્કૃષ્ટ પાપી સવળો થઈ એક જ ભવમાં ઉત્કૃષ્ટ વીર્ય પ્રગટાવી મોક્ષ પ્રાપ્ત કરી શકે છે દા.ત. દૃઢપ્રહરી.. પરંતુ આવા લગભગ અપવાદરૂપ ઉદાહરણો અતિ અલ્પ સંખ્યામાં છે, તેથી તે સિદ્ધાંત સમજવા માટે છે. પ્રમાદમાં રહી ઉપયોગમાં લેવા માટે નથી.

જ્ઞાનીપુરુષની એક જ આજ્ઞાનું આરાધન થાય અને આજ્ઞાના ઉલ્લંઘન વિના પ્રાણત્યાગ થાય તો તે સમાધિમરણ છે અને તેનું પરિણામ અતિ કલ્યાણકારી છે. તેમ તેનું ઉત્તમ ફળ શીઘ્રતાએ સંપ્રાપ્ત થાય છે, કેમકે જ્ઞાનીપુરુષ એ પરમાત્મા જ છે.

સત્‌શ્રુતના અવલંબને કોઈ વ્રત કે નિયમનું આરાધન એક નિષ્ઠાએ થતું હોય અને પ્રાણહાનિનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે દેહના મમત્વનું અલ્પત્વપણું અથવા ગૌણપણું કરી નિયમ અથવા વ્રત અથવા ટેકને દૃઢતાથી વળગી રહી મૃત્યુને ભેટે તો ત્યાં પણ સમાધિમરણનો એક પ્રકાર છે. ઉપરના દ્રષ્ટાંતના ફળની અપેક્ષાએ અહીં મળતું ફળ ઓછું છતાં મોટું છે.

આવતા અંકમાં મરણ વખતે દુઃખ કેટલું અને મૃત્યુ વખતે હાજરી એ વાંચશું ત્યાં સુધી ક્રમશઃ ◆

નોંધ : પ.પૂ. બાપુજી લિખિત આ નિબંધનું સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

The Eight Wonder?

■ Hetal Shah

In this age of social networking where Facebook, Twitter and WhatsApp have become necessities of life, in this age of materialistic living where it is unimaginable to live without electronic goods, it will be no less than an eighth wonder if there exists a community which consciously stays away from these worldly temptations and yet leads a happy satisfied life!

In harmony with the Chaturmas season of practicing penance, abstinence and spiritual observances, Mumukshus from the SRATRC, North America Center share a peek into the lifestyle of a unique community known as "THE AMISH." What makes the Amish unique is, when most of us today would think it impossible to live without the modern amenities, the Amish make a conscious choice to live a devout, down-to-earth and humble lifestyle even in midst of modern worldly attractions.

Who Are Amish?

The Amish people came to the United States from Europe in search of religious freedom as did many people. They are known to live in isolated communities in about 30 states in America and also the Canadian Province of Ontario. They believe in peace, humility, simplicity and service to God, their family and the entire Amish community. They value simplicity and self-denial over comfort, convenience and leisure. Their lifestyle is a deliberate way of separating from the world and maintaining self-sufficiency. In an effort to preserve their values they avoid the ways of the modern world, such as television, cars or personal ornamentation. The result is a quiet, unassuming and highly-productive community whose way of life has changed little over centuries.

The Amish are also very devout in their faith and believe in a literal interpretation and application of the Biblical scripture as the Word of God. They believe worldliness can keep them from being close to God and can introduce influences that could be destructive to their community and to their way of life. The Amish values of seclusion and separation from the world, simplicity, shunning evil, non-violence, compassion and forgiveness are supported by numerous Bible verses.





The Amish Lifestyle

The Amish live in homes without electricity or telephones, ride in buggies and other horse drawn vehicles and wear very plain, home-made clothing. Although most still live on the farm, many have other occupations such as woodworking, cabinetry and carpentry, while others are blacksmiths, buggy and carriage makers and own repair shops. Others run different types of businesses that appeal to the many tourists such as quilt shops or hand-made baskets.

Their lifestyle is influenced by their down-to-earth values and this can easily comprehended from their day-to-day choices like:

- ***The Amish wear distinctive clothes unique to their community*** as they feel these distinctive clothes encourage humility and separation from the world.
- ***Amish women do not wear jewelry*** as it denotes their choice of leading a simplistic lifestyle.
- ***Amish men have beards, but not mustaches*** as mustaches have historically been associated with the military and the Amish choose to abstain from all acts of war, including military service due to their adherence to non-violence.
- ***The Amish do not use electricity*** as they interpret linking with electrical wires as a connection with the world. They also believe easy access to electricity could lead to many temptations and the deterioration of church and family life.
- ***The Amish use modern medicine and doctors*** they do believe that good health, both physical and mental, is a gift from God and requires careful management on the part of the individual.
- ***Most Amish do not play any form of musical instrument*** as they believe playing an instrument would be worldly and contrary to the spirit of humility.
- ***The Amish do not own automobiles*** as it would separate the community in various ways and bring about inequality between those who can afford and those who cannot. They may however accept rides and willingly hire an automobile with a driver for transportation from place to place. This maintains the Amish beliefs of not disrupting the social structure but at the same time accepting some modernization to meet the needs of living.
- ***It is not uncommon for Amish members to be financially sound*** as poverty is not the reason behind their simplistic lifestyle. Many Amish are conscientious buyers, huge savers, skilled traders in demand and savvy small business owners. They do not like the concept of debt, hence do not use credit cards; in fact, they would rather take an additional side job in need than turn to credit.

What We Ought To Learn From The Amish

The Amish qualities of "unconditional unswerving faith in the word of God even in the face of temptation", "outer simplicity by refraining from associating with worldly temptations" and "inner simplicity which is reflected in their thoughts, actions and conduct" are worth imbibing for spiritual aspirants. Param Krupaludev and Param Pujyashri have time and again emphasized developing "Vairagya".

This Article is compiled on basis of information available on the Internet and visit of few Mumukshus to an actual Amish Village.





પ્રશ્નોત્તરી



Q આત્માનો ઉપયોગ સતત આત્મામાં રહે તે જ્ઞાનઉપયોગ કે દર્શન ઉપયોગ ?

ઉત્તર : આત્મા માટે જ્યારે તમે ધ્યાન કરો છો તો આત્મા વિશેના જ વિચારો કરો છો અને આત્માની સમજ તમને છે માટે જ્ઞાન ઉપયોગ કહીશું. દર્શન ઉપયોગ બે પ્રકારના હોય છે. એક દર્શન ઉપયોગ છે જોવું અને બીજો ઉપયોગ છે જ્ઞાન, મતલબ જાણવું. આત્માનો ઉપયોગ આત્મામાં જ રહે છે તો ત્યાં કોઈ વાત જોવાની નથી આવતી માટે એ જ્ઞાન ઉપયોગ છે એમ સમજો. હવે જ્ઞાન અને દર્શન એનો જ્યારે પરિષહ થાય છે તો તે વખતે જ્ઞાનનો મતલબ દર્શન થઈ જાય છે, દર્શનનો અર્થ જ્ઞાન થાય છે. એ જ્ઞાન અને દર્શનનું જ્યારે વેદન કરીએ છીએ તે વખતે આ જ્ઞાન, દર્શન સાથે રહે છે એ અલગથી સમજશો.

પરિષહ જ્યારે હોય ત્યારે જ્ઞાન પરિષહ અને દર્શનપરિષહ બન્ને લગભગ સાથે ને સાથે હોય છે. આવો પરિષહ અત્યંત એવી શાંતિ અને

સૌજન્ય : સ્મિતાબેન દિપક સોમૈયા, મુંબઈ

ધીરજથી સહન કરવામાં આવે તો આત્માનું ઘણું મોટું કલ્યાણ થાય. દર્શન શબ્દના લગભગ ૪૦ જુદા જુદા અર્થો શાસ્ત્રોમાં છે તો એ દર્શન કયા અર્થમાં ક્યાં લેવું એ સમજવાનું છે. દા.ત. આત્માને ખોટી રીતે સમજવો અથવા ૧૦૦ ટકા સાચી વસ્તુને ૧૦૦ ટકા ખોટી સમજવી એ દર્શન મોહનીય કર્મ છે. સૌથી મોટું આ કર્મ છૂટી જાય તો સહેલાઈથી મોક્ષ મળી જાય. પણ જીવની પોતાની માન્યતા છે કે હું જે જાણું છું એ ૧૦૦ ટકા સાચુ છે. દા.ત. આ મારા પિતા છે, આવું જે વાક્ય બોલાય એ પરમાર્થની દ્રષ્ટિએ ૧૦૦ ટકા ખોટું છે કારણ કે એ પિતા નથી, જીવે ભૂતકાળમાં કરેલા કર્મનું પરિણામ છે. એ કર્મ અત્યારે પિતા રૂપે હાજર થયું છે. બાકી તો પિતા એ પણ આત્મા છે. આપણે પણ આત્મા છીએ. તો પિતાને પિતા જ સમજવો અને બીજો કોઈ સમજાવવા માગે ત્યારે કહેવું કે કેવું ખોટું બોલો છો ? આ તો મારો સગો બાપ છે. એવી રીતે જેને તમે ૧૦૦ ટકા સાચું સમજો છો તે ૧૦૦ ટકા ખોટું છે. અહીં દર્શન આ રીતે ઉપયોગમાં છે. દર્શન ઉપયોગમાં જોવાની વાત આવે છે ત્યાં જ્ઞાન ઉપયોગ સમજો.

Q ધ્યાન કેવી રીતે કરાય ?

ઉત્તર : ધ્યાન કરવું છે તો આત્માનું કરવું જોઈએ, પણ જ્યાં સુધી આત્માની ઓળખાણ અથવા અનુભવ નથી થતો ત્યાં સુધી આત્મા વિશે જે જે સાંભળ્યું છે, સમજ્યા છો એના પર એકાગ્રતા કરી ઊંડા વિચાર કરવા એને અમે ધ્યાન કહીશું. જ્યારે તમે ઊંડા વિચાર કરો છો ત્યારે થોડા વખત પછી તમારું મન થાકી જશે અને થાકેલું મન જ્યારે શાંત થઈ જશે તો ત્યાં સાચી રીતે થોડીવાર માટે ધ્યાન લાગી જશે. સામાન્યપણે ધ્યાનમાં લગભગ બધાનું મન ભટકતું જ રહે છે અને જ્યારે મંત્ર અથવા માળા લઈને બેસીએ છીએ ત્યારે તો મન સૌથી વધારે ભટકે છે. તો આત્મા માટે, આત્મા છે, આત્મા નિત્ય છે, કંઈ રીતે કર્મ કરે છે, કઈ રીતે કર્તા નથી આદિ વિશે જો ઊંડાણથી તમે વિચાર કર્યા કરો તો મન પોતાની મેળે થાકી જશે અને ધ્યાન લાગી જશે. ધ્યાનનું ન લાગવું એનો મતલબ આત્માનું ભટકવું છે અને આત્મા ભટકવું બંધ કરે તો ધ્યાન લાગી જાય. ક્યારેક ક્યારેક જેમ વાંચનમાં કહ્યું છે તેવા વિચાર કરતાં કરતાં અંતરંગના કોઈ વિચાર એવા હોય છે જે બાહ્યથી થઈ જ ન શકે. તે વિચાર કરતી વખતે આંખ પોતાની મેળે બંધ થઈ જાય છે અને વિચાર અંતરમાં ચાલ્યા કરે છે. એવા વિચાર વારંવાર આવતા રહે તો ક્યારેક આત્માનો અનુભવ અવશ્ય થઈ શકે છે. ઊંડા વિચાર અંતરંગમાં થાય તો ૧૦૦ ટકા આંખ બંધ થઈ જાય. બાહ્યના વિચાર આવતાં હોય તો આંખ બંધ પણ થાય, ખુલ્લી પણ રહે બન્ને વસ્તુ છે. એમાંથી જ્યારે બહાર નીકળીએ ત્યારે મન અત્યંત પ્રફુલ્લિત હોય, ખૂબ આનંદમાં હોય તો સમજવાનું કે સાચું ધ્યાન થયું હતું અને કંટાળો આવતો હોય, આળસ આવતી હોય અને આનંદ જેવું કંઈ ન હોય તો ચોક્કસ સમજજો ઊંઘ આવી ગઈ હતી. ◆

Kshanvaar Thi Anantvaar

The name of Haribhai Shibir, held at the SRATRC from 09 to 13 July, 2017 and attended by 90 Haribhais and 1 from Dubai said it all, a kshan, a moment with Sadguru was enough to end the Anantvaar cycle of Paribhraman and conversely, if there was Pramad of Kshanvaar, then it could result in Anantvaar cycle of Paribhraman.

The objective of the Shibir was to realize the importance of each Kshan (moment) and how it was important not to squander it. Sessions were taken by Shri Nitinbhai Ajmera highlighting positive use of each kshan to achieve ultimate mukti, Mehulbhai Pipalia highlighting negative use of each kshan resulting in karma bandhan and Shree Lokeshbhai Lakhotia on practical Purushaarth of utilizing each kshan to achieve the ultimate goal. Many activities were also organized during session breaks.

The entire Shibir was conducted on the theme of 4 Gatis of a Soul and this concept was disclosed to the Shibir Participants only on each day. The Shibir started with an Introductory Night Session with Shri Hirenbhai Sanghvi and Shri Mehul Bhai Chovatia extending a warm welcome to all and Shri Lokesh highlighting the importance of every Kshan (moment) and taking everyone on a journey of Birth, Old Age and finally Death.

July 10 was Narak/Teeryanch Day with electricity switched off from morning 5.30AM! A compulsory strenuous Yoga session was held so that everybody could experience physical hardships associated with the Gatis. Ayambil food menu was provided in the hot and humid weather in the absence of electricity. Additionally, all were ask to interchange their food plates with those seating beside with no extra serving. Afterwards Haribhais were blind folded and made to stand for 30 minutes doing different activities as instructed by their respective supervisors. The purpose was to experience darkness all around as per Gatis.

July 11 was Dev Gati day. An optional relaxed Yoga session was held in the morning and fruit juices was served to pamper



all. Lunch session saw all Haribhai being welcomed, seated and food served to them by volunteers. Everyone was taken for a visit to the School and the various facilities available there reminded everybody of "Swarg". Night session had Bhakti Pads being taken up followed by an outstanding Interview Session of Pujya Nilesh Bhai, who was at his best and shared many experiences between Pujyashree and Himself.



July 12 was the day of Manushya Gati. A visit was organized to the Chaakri factory to know about the manufacturing process of Khakhras. It was an enlightening trip where all came to know about the various "Manushya Gati" success stories of the women working there.

A "Personality Trait" evening session was conducted by Lokeshbhai so one could know the nature of Runanubandhis and tackle them accordingly. The Night session was an excellent Question and Answer session with Pujyashree. ◆






શ્રી રાધા-અવતારનું રહસ્ય

શ્રી કૃષ્ણે પોતાની આ અવતાર અવધિમાં ક્યારેય પણ કોઈને નહોતું કહ્યું તેવું એક ગૂઢ રહસ્ય, દેવાંશી નારદજીની ઉપસ્થિતિમાં, પોતાની માનીતી રાણી રુક્મિણીને આજે કહી દેવાનો મનમાં નિર્ધાર કર્યો હતો.

'દેવર્ષિ નારદ! જે સ્વપ્નનું રહસ્ય જાણવાની તમને તીવ્ર ઉત્કંઠા થઈ છે અને દેવી રુક્મિણી પણ જે સાંભળવા અત્યંત જિજ્ઞાસુ બની ગયાં છે તે સ્વપ્ન રહસ્ય હું તમને કહું તે પૂર્વે મેં તમને, મારી અને શ્રી યમુનાજીની વચ્ચે થયેલ 'વચનબદ્ધતા'નો પ્રસંગ એટલા માટે કહ્યો કે જેથી તમે બન્ને, શ્રી યમુનાજીએ જીવનભર શ્રી રાધાજીને જે સાથ આપ્યો અને તેમનું રક્ષણ કર્યું તેનું કારણ સમજી શકો...



લોકો ભલે ગમે તે સમજતાં હોય પણ તમે બન્ને તો કદી પણ એવી શંકા ન કરશો કે, માનવ-સ્ત્રીરૂપે આ ધરતી પર અવતરેલાં શ્રી રાધા કોઈ સાધારણ ગોપિકા છે અને પ્રિયતમના પ્રણયવિરહમાં રાતદિન તડપતાં કોઈ સામાન્ય નારી છે! હકીકતમાં તો, શ્રી રાધા મારા ભક્ત પણ છે ને ભગવાન પણ છે. એમનામાં સ્ત્રીસહજ કોઈ નિર્બળતા કે પરાધીનતા છે જ નહીં.'

'સ્વપ્નમાં મેં રાધાને આત્મવિલોપનાર્થે યમુનાજીમાં કૂદી પડતાં જોયાં', એનો શબ્દાર્થ નહીં પણ ગૂઢાર્થ તમારે સમજવાનો છે. લોકનજરે જે 'આત્મહત્યા' છે, તે આપણી આધ્યાત્મિક પરિભાષામાં 'શરણાગતિ' છે. ચોવીસે કલાક મારા સ્મરણ-ચિંતનમાં રહેનારાં શ્રી રાધાજી જ્યારે 'માધવમહાભાવ'ની પરાકાષ્ઠા પર પહોંચી જાય છે ત્યારે તેમને નથી રહેતી લોકલાજની પરવા કે નથી રહેતી લોકવ્યવહારની સભાનતા! ચિત્તભ્રમ જેવી એમની આ ભાવદશા જોઈ લોકો જ્યારે મહેણાંટોણાં મારે છે ત્યારે શ્રી રાધા યમુનામૈયાની ગોદમાં લપાઈ જાય છે! માતૃવાત્સલ્યથી યમુનાજી પોતાની પુત્રીતુલ્ય રાધાને ગોલોકની વાતોથી એમનું મન બહેલાવીને, પુનઃ એમને કિનારા પરના કદમ્બ વૃક્ષ નીચે સુવડાવી આવે છે..'

આટલું કહી શ્રીકૃષ્ણ પેલું સ્વપ્ન-રહસ્ય કહેવા લાગ્યા! 'મારી નિત્ય અનુરક્તા અને સર્વસમર્પિતા શ્રી રાધાજીને જ્યારે એમ લાગ્યું કે, હવે આ માનવ અવતારમાં મારા-એમના વિયોગનો કોઈ અંત આવે એમ નથી ત્યારે,'

''શ્યામ બિના મોહે ચૈન ન આયે, નિંદ ન આયે અખિયનમેં,
સબ કુછ ત્યાગ ચૂકી ફિર ભી ક્યોં, શ્યામ ન આયે મધુબનમેં ?
પ્રાણ સમર્પિત કરું યે હી બસ અંતિમ ઈચ્છા તનમનમેં,
ચલી આત્મવિલોપનકે કારન યમુનાજીકી શરણમેં !''

દેવર્ષિ ! આવું વિચારીને એક દિવસ શ્રી રાધાજી યમુના કિનારે દોડી ગયાં ! એમની ચિત્તભ્રમ સ્વરૂપ મહાભાવદશાથી સદાય ચિંતિત રહેતી એમની બે પ્રિય સખીઓ લલિતા અને વિશાખાને કોઈએ ખબર આપ્યા કે, ''રાધાને અમે નાચતી-ગાતી ને ચીસો પાડતી, યમુના તરફ ભાગતી

જોઈ...'' ત્યારે એક ક્ષણનો વિલંબ કર્યા વિના આ બન્ને સખીઓ એમની પાછળ દોડી.

આ બાજુ, સ્વપ્નમાં મેં જોયું કે એક ઊંચી ભેખડ પર ચડી ગયેલાં શ્રી રાધા યમુનાજીમાં ભૂસકો મારવાની તૈયારી કરતાં હતા! મારાથી ઊંઘમાં ચિત્કાર સહ બૂમો પડાઈ ગઈ : 'રાધે!... રાધે!!... રાધે!!!...' પરંતુ મારો અવાજ એમના કાને સ્પર્શે એ પહેલાં તો તેમણે યમુનાજીમાં પડતું મૂકી દીધું અને મારાથી ઊંઘમાં નિ:શ્વાસ સહ બોલાઈ જવાયું: 'આ તે શું કર્યું, દેવી?' જે હકીકતમાં તો મારી આઠેય રાણીઓમાં જિજ્ઞાસા જગાડવા મેં કરેલી એક 'લીલા' માત્ર જ હતી. હકીકતમાં મને તો ખબર જ હતી કે શ્રી રાધા શરણાગતભાવથી યમુનાજી પાસે પહોંચી ગયાં હતાં! આ બાજુ, ઝડપથી ધસી આવેલી એમની બન્ને સખીઓએ દૂરથી આ દ્રશ્ય જોયું અને તરણવિદ્યામાં પારંગત બન્નેએ રાધાને બચાવી લેવાના આશયથી એની પાછળ ને પાછળ યમુનામાં ઝંપલાવ્યું!

મારી સાથે વચનબદ્ધ સૂર્યપુત્રી યમુનાજીએ શ્રી રાધા અને એની બે સખીઓને પોતાના બાહુમાં ઝીલી લીધી અને સીધા સૂર્યલોકમાં સૂર્યદેવના અને માતા છાયાદેવીના ભુવન પર પહોંચી ગયાં. એમની ભાવના હતી કે શ્રી રાધાજીને કદાચ સૂર્યલોકના દિવ્યાતિદિવ્ય વાતાવરણનો સ્પર્શ થશે તો વિરહવ્યથાથી તડપતા એમના આત્માને થોડી શાશ્વત શાંતિ પ્રાપ્ત થશે. પરંતુ શ્રી રાધાજી તો આંખો ખોલતાં જ અને અવિરતપણે, 'હરે કૃષ્ણ, હરે શ્યામ! મુરલીમનોહર હે ઘનશ્યામ'નો જાપ એવા કરુણ સ્વરે જપતાં હતાં કે બધાની આંખોમાંથી એમની આવી મહાભાવદશા જોઈને ચોધાર પ્રેમાશ્રુ વહેવા લાગ્યા.

અનેક પ્રયત્નો કર્યાં છતાં ન રાધાજી ભાનમાં આવ્યા કે ન એમણે નયન ખોલ્યાં ત્યારે શ્રી છાયાદેવીએ વિચાર કર્યો: ''સૂર્યમંડળ મધ્યવર્તી શ્રી નારાયણ વાસ્તવમાં તો સ્વરૂપતઃ શ્રી કૃષ્ણ પોતે જ છે. અર્થાત્ સૂર્યમંડળ સ્થિત શ્રી નારાયણ જ શ્રી રાધાજીના યુગયુગના પ્રિયતમ પ્રાણેશ્વર છે. તેથી ભગવાન સૂર્યનારાયણનાં પ્રત્યક્ષ દર્શન કરવાથી વિરહવ્યાકુળ શ્રી રાધાને જરૂર સાંત્વન મળશે અને એમની આ મહાભાવદશા પણ થોડી પરિવર્તિત થશે...''

છાયાદેવીએ શ્રી રાધાના મસ્તક પર પ્રેમપૂર્ણ હાથ મૂકીને કહ્યું: ''પુત્રી! તું દુ:ખી થઈશ નહીં. તારા પ્રાણેશ્વર શ્રી કૃષ્ણ તો સચરાચર વ્યાપી છે અને આ સૂર્યમંડળમાં પણ નારાયણ સ્વરૂપે બિરાજમાન છે. ચાલ, હું તને એમના દર્શન કરાવું.''

પરંતુ શ્રી રાધાના કર્ણપટલ પર આ દરખાસ્તનો એક શબ્દ પણ પહોંચ્યો નહીં. એ તો રોમરોમથી મારા પેલા માનવદેહધારી 'બાળ-કનૈયા સ્વરૂપ'માં જ રમમાણ હતી. એના મુખમાંથી તો 'કાનુડા રે! તું ક્યાં છે રે? મને લઈ જા રે... તારા વિના નથી રહેવાતું રે!' એવા ઉદ્‌ગારો સતત નીકળ્યા જ કરતાં હતાં અને પેલો 'હરે કૃષ્ણ, હરે શ્યામ! મુરલીમનોહર, હે ઘનશ્યામ' નો જાપ પણ વચ્ચે વચ્ચે સંભળાયા કરતો હતો.

'નારદજી! સ્થૂળ દેહે ભલે હું મથુરામાં હોઉં, હસ્તિનાપુરમાં, ઈન્દ્રપ્રસ્થમાં, કુરુક્ષેત્રમાં, દ્વારિકામાં હોઉં, પણ શ્રી રાધા જ્યાં મારા નામનો ભક્તિભાવપૂર્વક જાપ શરૂ કરે અને મારામય થઈ જાય ત્યારે, ભગવાન જેમ ભક્તની વહારે દોડી જાય એ રીતે સૂક્ષ્મદેહે હું રાધા પાસે પહોંચી જ જાઉ છું ને એની 'માધવ-મહાભાવદશા'ની અલૌકિક સ્થિતિ નજરોનજર નિહાળીને એટલો હર્ષવિભોર ને પ્રસન્ન થઈ જાઉં છું કે મને ત્યાંથી હટવાનું મન પણ થતું નથી.

શ્રી રાધાએ જ્યાં મારું નામસ્મરણ અને મારો આર્તનાદ કર્યો કે સ્વપ્નમાં પણ હું એની સન્મુખ પ્રગટ થયો. સૂર્યલોકમાં પહોંચી ગયેલી શ્રી રાધાને અત્યારે તો મારાં દર્શન કરવાની પણ ઈચ્છા ન થઈ... જાણે કે એનું હૈયું કહેતું ન હોય 'જો મઝા તડપનમેં હૈ, વો મિલનમેં કહાં? અને તેથી જ એણે નયન ન ખોલ્યાં... એ તો મારો જાપ જપતી જ રહી..'

શ્રી રાધા-સખી વિશાખાએ શ્રી છાયાદેવીને કહ્યું, 'અમારી આ પ્રિય સખી 'શ્યામા', એના પ્રાણેશ્વર 'શ્યામ' ના ગોપવેશધારી બંસીધર બાલમુકુંદ સ્વરૂપ સિવાય બીજા કોઈ સ્વરૂપને જોવા માંગતી જ નથી, જોઈ શકતી જ નથી, તો પછી સૂર્યનારાયણરૂપ વિષ્ણુરૂપના દર્શન કરતાં એની વિરહવ્યથા શાંત કઈ રીતે થશે?'

હે નારદજી! આજે હું પટરાણી રુક્મિણીના સાંભળતાં તમને હૃદયપૂર્વક કહું છું કે, શ્રી રાધાજીની પ્રિય સખી વિશાખા દ્વારા, છાયાદેવી સમક્ષ સ્વપ્નમાં અભિવ્યક્ત થયેલું આ સત્ય સાંભળીને તત્ક્ષણ મને દિવ્ય રોમાંચ થઈ ગયો! મારાથી સ્વપ્નમાં મનોમન બોલાઈ જવાયું; 'ધન્ય છે તું, હે રાધિકે! તારી ભક્તિ અજોડ છે, તારો મારા પ્રત્યેનો અસીમ સ્નેહ અવર્ણનીય છે. એ જ વખતે મને મધુવનમાં શ્રી રાધાજી સાથે બનેલી એક

રોમાંચક સત્ય ઘટના અક્ષરશઃ યાદ આવી જેનું સ્વપ્નમાં મને કાલે પુનઃ સ્મરણ પણ થયેલું !'

થોડી ક્ષણો નયન બીડીને શ્યામસુંદરે પોતાના હૃદયસિંહાસન પર બિરાજેલી પોતાની આરાધ્યદેવી શ્રી રાધાને મનોમન પ્રણામ કર્યા અને પછી, નેત્ર મીંચેલા રાખીને જ કહેવા માંડ્યું:

''વ્રજની હરિયાળી ભૂમિ પર ચોમેર વસંતઋતુનું સામ્રાજ્ય સોળે કળાએ ખીલી ઊઠ્યું હતું એવા એક દિવસે, હું શ્રી રાધાને અને અન્ય ગોપ-સુંદરીઓને લઈને ગોવર્ધન પર્વત પર રાસ-વિહારાર્થે ગયો હતો. વિહાર કરતાં કરતાં 'ગોપીસમૂહની મૂળસ્વરૂપા શ્રી રાધારાણી' સાથે એકાંતમાં રાસવિહાર કરવાની સ્વરૂપમયી સ્ફુરણા થઈ. રાસ રમતાં રમતાં મારી નિકટ આવી ગયેલી શ્રી રાધાને મેં ધીમા સ્વરે મારી આ ઈચ્છા કહી અને જે ઘટાટોપ નિકુંજમાં અમે અનેકવાર આ રીતે એકાંતમાં નિરાંતે વિહાર કરતાં હતાં તે 'પ્રેમ-નિકુંજ' પર છાનાંમાનાં આવી જવાની સૂચના આપીને હું એકાએક ત્યાંથી અંતર્ધાન થઈ અને પેલા નિર્જન, નીરવ, મનહર નિકુંજમાં સંતાઈ જઈને શ્રી રાધાની પ્રતીક્ષા કરવા લાગ્યો.''

''હે મુનિવર! હે પ્રિય રુક્મિણી! મારો આ 'કૃષ્ણાવતાર' પૂર્ણ થવા આડે હવે જ્યારે બહુ થોડો સમય બાકી રહ્યો છે ત્યારે મને આજે કહી દેવા દો કે 'શ્રી રાધા મારી કોણ છે ?' હું આજે નિખાલસ એકરાર કરવા માગું છું કે ભલે મારાં તમામ સ્વજનો મને 'ભગવાન' માનતા હોય, પરંતુ મારી ખુદની ભગવાન, મારી આરાધ્યદેવી તો શ્રી રાધાજી જ છે!'' આટલું બોલતાં બોલતાં એવા લાગણીવશ અને પ્રેમ વિહ્વળ થઈ ગયા કે બન્નેને લાગ્યું કે હવે ગળે ડૂમો ભરાઈ ગયો હોવાથી દેવકીનંદન કંઈ બોલી નહીં શકે !

પરંતુ થોડી જ ક્ષણોમાં પુનઃસ્વસ્થ થઈ ગયેલા વાસુદેવે ધીરે ધીરે વાણી પ્રવાહ વહેતો કર્યો:

''જેવી રીતે અગ્નિ અને તેની દાહકશક્તિ, દૂધ અને તેની ધવલતા, ચંદ્ર અને તેની ચાંદની, પાણી અને તેની શીતળતા વચ્ચે અતૂટ, અવિચળ અને અવિનાભાવી સંબંધ છે તેવો જ સંબંધ મારી અને શ્રી રાધાની વચ્ચે છે. શક્તિ અને શક્તિમાન જે રીતે એકરૂપ છે તે રીતે અમે રાધા-કૃષ્ણ એકાકાર અને યુગલ સ્વરૂપ છીએ. આ લીલાજગતમાં તમને બધાને અમારાં બે ભિન્ન સ્વરૂપ-રાધા અને કૃષ્ણ દ્રષ્ટિગોચર થતાં હોવા છતાં, વાસ્તવમાં અમે બન્ને સદાસર્વદા એક જ સિક્કાની બે બાજુ જેવાં છીએ. જેમ આત્મા અને પરમાત્મા, પુરુષ અને પ્રકૃતિ, જીવ અને શિવ અભિન્ન છે તેમ રાધા અને કૃષ્ણ પણ એકબીજા સાથે સદા જોડાયેલાં જ છે. એકના અસ્તિત્વ વિના બીજાનું અસ્તિત્વ કદી સંભવિત નથી.''

મધ્યરાત્રિ થવા આવી હતી પરંતુ એક બાજુ ભક્ત નારદ અને અર્ધાંગના રુક્મિણી અત્યંત રસપૂર્વક અને એકધ્યાનથી અંતર્યામીની અંતરવાણીનું શ્રવણપાન કરતાં હતાં તો બીજી બાજુ, ભીતરથી 'રાધા-મહાભાવ'ની પરાકાષ્ઠાએ પહોંચી ગયેલા પ્રભુ હૈયું ખોલી રહ્યાં હતાં.

''મહાન ઋષિમુનિઓ અને સિદ્ધ તપસ્વીઓ મારા જે ઐશ્વર્યજ્ઞાનનાં ગુણગાન ગાતાં દિનરાત થાકતાં નથી એ મારું, 'પરમાત્મા-તત્વ' શ્રી રાધાજીના પરમ, મધુરાતિમધુર, દેહાતીત પ્રેમને કોઈ કાળે કિંચિત પણ સ્પર્શ કરવા શક્તિમાન નથી. મારી નિત્ય - હૃદયેશ્વરી શ્રી રાધા તો પોતાનો તમામ પ્રેમ અને સઘળી મમતા મને જ સમર્પિત કરી દઈને, મારા જ સુખ માટે મારું સેવન કરે છે. નથી એ મારા ઐશ્વર્યને જાણતી યા માનતી કે નથી એને મારું એ દેવદુર્લભ સ્વરૂપ ક્યારેય પણ નજરે જોવાની ઈચ્છા જાગતી! વૃષણભાણદુલારી અને કીર્તિદાકુમારીરૂપે આ ભૂલોક પર જન્મ ધર્યા પછી શ્રી રાધાને તો, મારા ગોલોકના દ્વિભુજ સ્વરૂપની અને વૈકુંઠના ચતુર્ભુજ સ્વરૂપની કોઈ સ્મૃતિ જ રહી નથી. એ તો મારા ગોપાલકૃષ્ણ સ્વરૂપની જ પુજારણ બની ગઈ છે. અતઃ મારા સનાતન અને દિવ્ય ઐશ્વર્ય સ્વરૂપને જોઈને તે ડરથી સંકોચ અનુભવે છે.

શ્રી રાધા લોકનજરે દુઃખી દેખાય છે અને મારા વિરહમાં દિનરાત તડપ્યા કરે છે. મારે લીધે જ એની આ સ્થિતિ થઈ છે. સમસ્ત ગોલોક અને વિષ્ણુલોક ભલે એમ સમજતાં હોય કે આ 'કૃષ્ણાવતાર'માં એ મારા પાર્ષદ શ્રી દામા દ્વારા અપાયેલા 'સો વર્ષના પ્રભુવિયોગ'ના શાપથી પીડાઈ રહી છે ! પરંતુ શ્રી રાધા તો સતીશિરોમણિ છે અને આ સમસ્ત જીવ સૃષ્ટિની સંજીવની શક્તિ છે. એને તો કોઈનોય શાપ સ્પર્શે જ નહીં. આ તો અમારી વચ્ચે ગોલોકમાં થયેલા સાત્વિક સંઘર્ષનું જ પ્રાયશ્ચિત છે. ◆

ક્રમશઃ

નોંધ : શ્રી ભોગીલાલ શાહ લિખીત પુસ્તક ''શ્રી રાધાવતાર'' માંથી આ પ્રકરણ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

દિવ્ય દેશના



શરૂઆત એક કલ્પનાથી કરીએ....

એક સુંદર સમવસરણની રચના થઈ છે. વચ્ચે કેવળજ્ઞાની પ્રભુ બિરાજ્યા છે. એમની ચારે તરફ, ચારેય ગતિના જીવો એક બીજા સાથે વેરભાવ ભૂલીને, મૈત્રીભાવ હૃદયમાં ધરીને બેઠા છે. પ્રભુની દિવ્ય દેશના અસ્ખલિત વહી રહી છે. દેવો દુદુંભિનાદ કરી રહ્યાં છે. પ્રભુની દિવ્ય દેશનાનું અમૃતપાન કરી કેટલાય જીવો મોક્ષમાર્ગ તરફ આગળ વધી રહ્યા છે.

હવે એક હકીકત તરફ આગળ વધીએ....

ઉપર જણાવેલ સુંદર અને ભવ્ય સમવસરણ માત્ર શબ્દોમાં જ નહીં, પણ આપણા રાજનગર-પરલીની પુણ્યભૂમિ પર પર્યુષણ મહાપર્વના આઠ દિવસોમાં રચાયું હતું અને આપણે સહુ એ સમવસરણમાં ઉપસ્થિત રહી, આપણા પ્રભુની વાણી સાંભળીને ધન્ય બન્યા હતાં.

આ હા હા હા...

જેનું શબ્દોમાં વર્ણન ન થઈ શકે એવા અદ્‌ભુત અને અપ્રતિમ સમવસરણમાં, પર્યુષણ મહાપર્વના આઠ દિવસો (૧૮ ઓગસ્ટ થી ૨૫ ઓગસ્ટ) દરમિયાન આત્માના છ પદ (વચનામૃતજી પત્રાંક ૪૯૩)ને પોતાની અનુપમ અને અસ્ખલિત વાણી દ્વારા આપણા સહુના વહાલા પરમ પૂજ્યશ્રી પ્રેમાચાર્યજીએ આપણને વિસ્તારથી સમજાવ્યા. આત્માના અસ્તિત્વથી લઈને નિત્યત્વ, અજ્ઞાની આત્માના કર્તાપણા સાથે ભોક્તાપણું અને તેથી આગળ વધીને છૂટવા માગતા જીવોના કલ્યાણ અર્થે મોક્ષપદના ઉપાય અનોખી શૈલીમાં વિવેચીત કરી, હાજર રહેલા સર્વને પુરુષાર્થ કરવાની ઉત્તમ પ્રેરણા આપીને અનંત ઉપકાર કર્યો.

દિવ્ય દેશનાની શરૂઆતમાં જ પૂજ્યશ્રીએ કહ્યું કે પૂર્વે આપણે સહુ હજારો લાખો વખત સમોવસરણમાં બેસી, પ્રભુની દિવ્ય દેશના સાંભળી આવ્યા હોવા છતાં કોરા ને કોરા જ છીએ. તો ખૂબ ખૂબ ઊંડો વિચાર કરવાની જરૂર છે કે કયા કારણથી આપણે પામ્યા નહીં, કઈ એવી મોટી ભૂલ રહી ગઈ? આ પ્રશ્નના જવાબમાં પૂજ્યશ્રીએ કહ્યું કે આપણે સમોવસરણની રચના માત્ર બાહ્ય દ્રષ્ટિથી જ જોઈ; પણ એ સમોવસરણ શેના પ્રભાવે રચાયું એના ઉપર લક્ષ કર્યો જ નહીં. સમોવસરણની રચના તો આત્મજ્ઞાનને કારણે થઈ છે એટલે આપણું લક્ષ આત્મજ્ઞાન ઉપર હોવું જોઈએ કે જે જ્ઞાનની પ્રાપ્તિ થતાં અદ્‌ભુત અને અનુપમ એવા સમોવસરણની રચના આપમેળે થઈ જ જાય છે. પણ જીવને પોતાને ભાન નથી કે 'હું આત્મા છું' તેથી સંસારના મોહથી જીવ ક્યારેય છૂટો પડ્યો જ નથી અને આત્મા ઉપર જીવે ક્યારેય વિચાર કર્યો જ નથી. એટલે જ આત્મજ્ઞાન પામ્યા નથી. અનાદિકાળથી સંસાર ભોગવતાં હોવાથી દરેક ક્ષણે જડ પદાર્થના જ પરિચયમાં રહ્યાં છીએ. એટલે ધર્મના નામે જે કાંઈ કર્યું છે ત્યારે સંસારભાવથી જડ પદાર્થને લક્ષે જ ધર્મ કર્યો છે એટલે જ આજ દિવસ સુધી કોરા રહી ગયા છીએ.

રાજનગરની પુણ્યશાળી ભૂમિ ઉપર પૂજ્યશ્રી પ્રેમાચાર્યજીએ સર્વ જીવોના કલ્યાણ અર્થે છ પદના પત્ર દ્વારા હાજર રહેલ સહુને સમકિતનું નિવાસ સ્થાન, સમકિતનું સરનામું આપ્યું અને એવી દિવ્ય દેશના પ્રકાશી કે પર્યુષણ મહાપર્વના આઠ દિવસ દરમિયાન હાજર રહેલા સહુ કોઈ એમાં ઓતપ્રોત થઈ ગયા. એમણે પ્રકાશેલી દિવ્ય દેશનાને શબ્દોમાં આલેખિત કરવી આપણા જેવા પામર જીવો માટે અતિશય મુશ્કેલ છે છતાં પણ થોડુંક શબ્દાંકન કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. એનો પરમાર્થ સમજાશે ત્યારે સમકિતનું સાચું સરનામું પ્રાપ્ત થશે અને એ માટે અતિશય ઊંડાણપૂર્વક એકેક વચન ઉપર વિચાર - ચિંતવન-મનન થવું અતિ આવશ્યક છે.

આત્મજ્ઞાની પુરુષ વગર કોઈ કાળે મોક્ષનો માર્ગ ન જ મળે પણ આત્મા પ્રાપ્ત કરાવી શકે એવો પુરુષ મળવો, ઓળખવો અઘરો છે. જીવને સુખ જોઈએ છે પણ એવું સુખ એને ક્યારેય મળ્યું નથી જેનો ક્યારેય નાશ ન થાય. માત્ર આત્મા પ્રાપ્ત થવાથી અવ્યાબાધ સુખની પ્રાપ્તિ થઈ શકે છે, એવું અનુભવથી જ્ઞાનીઓ કહે છે. જ્યાં સુધી પરિગ્રહ બુદ્ધિ રહી છે ત્યાં સુધી તૃષ્ણા ઓછી થતી નથી અને તેથી જીવ દુઃખી રહ્યાં જ કરે છે. 'શરીર જ હું છું' એમ માનીને રહ્યો હોવાથી જન્મમરણના ફેરા ટળ્યા નથી.

શરીરને 'હું' સમજીને કરાતાં ધર્મથી કર્મબંધન છે. જીવને લાગે છે પુરુષાર્થ કરે છે, પણ થાય છે પરિશ્રમ. એની સાચી સમજણ આત્મપ્રાપ્ત સદ્‌ગુરુ સિવાય બીજો કોઈ આપી શકવા સમર્થ નથી. ધર્મને નામે થતી ક્રિયાઓ ધર્મ નથી, ધર્મ પ્રાપ્ત કરવાના સાધનો છે જેનો ઉપયોગ આત્મલક્ષે કરવાનો છે. આત્માના છ પદની યથાર્થ સમજણ અનુભવથી પડે એનું જ નામ સમકિત છે. જ્ઞાનીના વચનો આજ્ઞારૂપે માની એની ઉપર યથાર્થ પુરુષાર્થ થાય તો પણ આ દેહે મોક્ષનો અનુભવ કરી શકાય છે. આત્માની એકાગ્રતા જે રીતે થાય એ પ્રકારે આત્મા પ્રગટ થાય છે. જ્ઞાની પુરુષ જે કરે છે એ ૧૦૦ ટકા ખોટું લાગતું હોય તો પણ એ ૧૦૦ ટકા સાચુ કંઈ રીતે છે એના નિરંતર વિચાર ચાલવા જ જોઈએ. એ વચન સાચા પુરવાર થાય અને હૃદય સોંસરવા ઉતરી જાય અને પછી પુરુષાર્થ થાય તો આત્મજ્ઞાન અઘરું નથી.



સૌજન્ય : હરિભાઈ શિબિરના મુમુક્ષુઓ, SRATRC

સ્વ - પર પ્રકાશક ગુણ આખા બ્રહ્માંડમાં માત્ર ચેતન પદાર્થમાં જ છે છતાં આ ગુણ મારા પોતાના આત્માનો છે એવો વિચાર માત્ર જીવને નથી આવતો. જે દેખાય છે એને 'મેં' જાણ્યું એવું સતત સમજાતું રહે તો આત્મા સમજાઈ જાય. એ માટે શ્રદ્ધા ગુણને અત્યંત બળવાન કરવાનો છે. શ્રદ્ધા બળવાન થશે તો કરોડો જન્મોનું સાટું આ એક જ ભવમાં વળી શકશે. જ્યારે કંટ્રોલ મન અને બુદ્ધિથી હટી જઈ આત્માના હાથમાં રહેશે તો પરિણામ નિશ્ચિત છે.

અંધારુ દૂર થતાં જેમ બધી વસ્તુ સ્પષ્ટ દેખાય છે એમ જ્યારે આપણો આત્મા વિકાસ કરતો આગળ વધે ત્યારે જ્ઞાનની નિર્મળતા થતાં, મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવ અને છેલ્લે પૂર્ણ પ્રકાશરૂપ કેવળજ્ઞાનથી સમગ્ર બ્રહ્માંડને જુએ-જાણે અને પોતાને પણ જાણશે. આવું ત્યારે જ પ્રગટ થશે જ્યારે 'મારા સિવાયના બધા પદાર્થ પર છે' એવું સ્પષ્ટ ભાસે ત્યારે. આ પ્રેક્ટીસ આજથી જ, આ ક્ષણથી જ થવી જોઈએ.

આત્માની થોડીક પણ સમજણ પડતી જશે તેમ ક્રમશઃ દોષો ટળતા જશે. સાચી વસ્તુની સમજણ ન હોવાથી આપણે જ્ઞાન અને જ્ઞાનીની અશાતના કરીએ છીએ અને અંતરાય કર્મો વધતાં જાય છે અને જ્ઞાનાવરણિય પણ જટિલ થતું જાય છે. જ્યાં સુધી આત્મજ્ઞાની ગુરુ નથી મળતાં ત્યાં સુધી કરાતો ધર્મ પણ ચીલાચાલુ બની જઈ મુક્તિનું કારણ થતું નથી.

આત્માના નિત્યત્વનો લક્ષ કરાવતાં પૂજ્યશ્રીએ કહ્યું કે આત્મા સંયોગે કરીને ઉત્પન્ન ન થયો હોવાથી એનો નાશ પણ નથી. આત્મા ત્રિકાળવર્તી હોવાથી એના ગુણો પણ કાયમ રહેવાવાળા છે જે એની નિત્યતાની સાબિતી આપે છે.

આ સંસારના પરિભ્રમણમાં રખડાવનાર આત્માના કર્તાપણા - ભોક્તાપણા વિશે અત્યંત વિસ્તારથી પૂજ્યશ્રીએ સમજણ આપી. જ્યાં કર્તાપણું હોય ત્યાં કર્મ હોય, જ્યાં કર્મ હોય ત્યાં કર્મફળ હોય, કર્મફળ હોય તો નવું કર્મ હોય અને નવું કર્મ પરિભ્રમણ વધવાનું કારણ થાય. આમ ને આમ કર્મનું ફળ ભોગવતી વખતે ફરી એવા ભાવ કરી જીવ નવું કર્મબંધન કર્યા કરી પરિભ્રમણ કર્યા કરે છે.

અજ્ઞાની આત્માનો અનાદિકાળથી દેહની સાથે સંયોગ હોવાથી આત્મા ભૂલાઈ ગયો છે તેથી 'દેહ તે હું' એમ ભાસ્યા કરે છે, તેથી કર્તાપણું ભોક્તાપણું ચાલ્યા જ કરે છે.

જગતના દરેક પદાર્થ અર્થક્રિયા સંપન્ન છે. જે ક્રિયા થાય છે એનું ફળ હોય છે. આત્મા પણ ક્રિયા સંપન્ન હોવાથી ક્રિયાનો કર્તા છે. કર્તાપણું છે ત્યાં સુધી પરિભ્રમણ છે.

દરેક પદાર્થમાં બે પ્રકારે ક્રિયા થાય છે. સૂક્ષ્મ (અંદરમાં થતી) અને સ્થૂળ (હલનચલનરૂપ બાહ્યમાં થતી). પણ આત્મા ભાવાત્મક હોવાથી બીજાને પ્રેરણા પણ આપી શકે છે એટલે આત્મામાં ત્રણ પ્રકારે કર્તાપણું થાય છે.

(૧) પરમાર્થ થી સ્વભાવ પરિણતીએ નિજસ્વરૂપનો આત્મા કર્તા છે. (સિદ્ધ ભગવાનની ક્રિયા.)

(૨) અનુપરિચિત વ્યવહારથી આત્મા દ્રવ્ય કર્મનો કર્તા છે (ચારેય ગતિમાં પરિભ્રમણ કરતાં જીવની ક્રિયા.)

(૩) ઉપચારથી આત્મા ઘર, નગર આદિનો કર્તા છે. (બીજાને પ્રેરણા આપી કામ કરાવવાની ક્રિયા.)



સિદ્ધ ભગવાનની જોવા અને જાણવાની ક્રિયામાં થતો બદલાવ અને જે જણાય છે તેમાં થતાં ફેરફારથી સિદ્ધ ભગવાનના જ્ઞાનમાં ફેરફાર થાય છે એ એમની અર્થક્રિયા છે. કાંઈપણ જણાવવાનું ન હોય તો પણ 'હું છું' એ વિચાર ત્યાં હોવાથી અર્થક્રિયા થયા જ કરે છે. પોતે પોતાને જોવા - જાણવાની ક્રિયા એ એક પ્રકારે કર્તાપણું છે.

આત્મા ભાવ કરે છે ત્યારે એના નિમિત્તથી કર્મ વર્ગણા એક્ટીવ થઈ આત્માને ચોંટે છે. એ દ્રવ્ય આત્માથી જુદું છે એટલે વ્યવહારથી દ્રવ્ય કર્મ કહેવાય. આત્મા જ્યારે કોઈપણ વિભાવ (કષાય) કરે છે તે આત્માની અંદર થાય છે. પદાર્થની અંદર થતાં ફેરફારને નિશ્ચય કહેવાય છે. એટલે નિશ્ચયથી આત્મા ભાવ કર્મોનો કર્તા કહેવાય.

આત્માની પ્રેરણાના નિમિત્તને કારણે આખા શરીરમાં ફેલાયેલી કાર્મણ તેજસ વર્ગણા એક્ટીવ થઈ જે ભાવ આત્માએ કરેલા છે એની સાથે ચોંટી જાય છે. ભાવની તર્તમતા પ્રમાણે કર્મની રજકણો આત્માને ચોંટે છે. આ કર્મવર્ગણા જ્યારે ફળ આપે છે ત્યારે આત્મા એને ભોગવે છે.



આ સંસારના જડ પદાર્થો જ સહુથી મોટા પરિભ્રમણનું કારણ છે. જડ પદાર્થમાં થતાં ફેરફાર આપણા સુખ કે દુઃખનું કારણ છે.

દરેક આત્મામાં એક શક્તિ રહેલી છે જે એને મોક્ષ સુધી લઈ જવા સમર્થ છે. આ શક્તિને ઉપાદાન શક્તિ કહેવાય. જીવની આ ઉપાદાન શક્તિ તે વસ્તુ સ્વભાવ છે. ઉપાદાનને ફળીભૂત થવા જે બાહ્ય કારણો મળે એને નિમિત્ત કહેવાય છે. વસ્તુ સ્વભાવની ખબર ન હોવાથી સંસારમાં જે ફેરફાર થાય છે એ સહુથી મોટા સુખ કે દુઃખનું કારણ થાય છે. જો વસ્તુ સ્વભાવને બરાબર જાણ્યો હશે તો કોઈનો દોષ ક્યારેય નહીં દેખાય.

કર્તા-ભોક્તાપણું બરાબર સમજાઈ જાય અને એ સમજણ પ્રમાણે વર્તન કરવાની જીવ પ્રેક્ટીસ કરે તો આ એક જ ભવની અંદર અનંતા ભવના છેદ ઉડી જાય, કર્મોની ૧૦૦ ટકા નિર્જરા થાય. પણ અનંત કાળથી આત્મા વિભાવ જ કરે છે જેને કારણે કર્મબંધન થાય છે અને એનું ફળ ભોગવતાં દુઃખી થાય છે. અત્યારે જે ભોગવીએ છીએ તે પૂર્વે કરેલા વિભાવોનું ફળ છે. કર્તાપણાને છોડવું તે મોક્ષનું કારણ છે.

જે કંઈ ક્રિયા આત્માએ કરી છે એ એનું કર્તાપણું છે. જેને કર્તાપણું છે તેણે કર્મ બાંધેલા છે. જે કર્મ બાંધ્યા છે એનું ફળ અવશ્ય મળે અને એને ભોગવવું જ પડે. જે ભોગવાય એ ભોક્તાપણું છે. એટલે જે કર્તા છે એ જ ભોક્તા છે. કર્તા આત્મા છે માટે જે કાંઈ થાય એ આત્માએ જ ભોગવવું પડે. આટલું જો સમજાઈ જાય તો એમાંથી છૂટાય કઈ રીતે તે પણ સમજાઈ જાય.

'હું આત્મા છું' એનું ભાન એ અકર્તાપણું છે. હવે આપણે આત્માને આરાધક માર્ગનો કર્તા કરી વિરાધક માર્ગનો અકર્તા કરવાનો છે. તેથી આ ભવમાં નિરંતર મોક્ષના પુરુષાર્થનો ભાવ ચાલવો જોઈએ. એ માટે એને અનુરૂપ વાંચન - ચિંતન - મનન ચાલવું જોઈએ. સંસારના પદાર્થો પ્રત્યેનું તિવ્ર આકર્ષણ ઓછું થઈ, બળવાનપણે ત્યાગ-વૈરાગ્યના ભાવ રહેવા જોઈએ. અનહદ પ્રિય છે એ વસ્તુ દૂર થાય અથવા જે નથી ગમતું એવું મળે તો પણ દુઃખ ન થવું જોઈએ. આ બધો મોક્ષપદનો પુરુષાર્થ છે.

પૂજ્યશ્રીએ વિસ્તારથી સમજાવેલા આત્માના છ પદ અહીં અત્યંત સંક્ષિપ્તમાં લખ્યા છે. પણ આપણા સહુ જીવોના કલ્યાણ અર્થે પૂજ્યશ્રીએ આત્માના છ પદને વિવેચિત કરતું પુસ્તક લખ્યું છે, 'સમકિતનું સરનામું', જેનું વિમોચન મહાવીર જયંતિના મંગલ દિવસે તેમના હસ્તે કરવામાં આવ્યું. આ પુસ્તકમાં ખૂબજ વિસ્તારથી સરળ ભાષામાં આત્માના છ પદની સમજણ આપવામાં આવી છે.

તદ્ઉપરાંત મહાવીર જયંતિના દિવસે ત્રિશલા માતાને આવેલા ચૌદ સ્વપ્નોની ઉછામણી પણ કરવામાં આવી, જેનો લાભ અનેક મુમુક્ષુઓએ લીધો. 'સ્પર્શ' ભક્તિની ટીમ દ્વારા ખૂબ સરસ ભક્તિપદોની પ્રસ્તુતી થઈ. પાવનકારી પર્યુષણ મહાપર્વની ઉજવણી તમ-ત્યાગની ભાવના સહ અત્યંત ઉલ્લાસપૂર્વક સંપન્ન થઈ.◆

સૌજન્ય : બે મુમુક્ષુઓ, કોલકાતા

Mega Congenital Cardiac Evaluation Camp

■ Dr. Harish Goshar







The SHREE RAJ MEDICAL CENTRE together with ONELIFE CHARITY TRUST, Mulund and H.D. DOSHI HINDU MAHASABHA HOSPITAL under PARITOSHA FOUNDATION and DR. ANIL POTDAR, Chief Interventional Cardiologist with his entire team conducted a Mega Congenital Cardiac Evaluation Camp for the students of the Shree Raj Educational Centre's School at Parli on 28 and 29 July, 2017.

More than 900 School students, 192 adults including School teachers, Research Centre and Shramik Naari Sangh staff participated in the Camp and underwent ECG and 2D Echo tests for any suspected cardiac problems out of which about 20 cases were detected with Congenital Heart Diseases like ASD,VSD, PDA, Mitral Valve prolapsed etc. and have been advised regular follow up, Device Closure or Open Heart Surgery at Ghatkopar or Jupiter Hospital.

SRMC had the support of Principal Joshi, Rajen Hemani, Sanjay Gala, Rajubhai Rambhia, Pankaj Thakker, Bhushan, Satpal and the entire staff of School in the successful conduct of the Camp.

Owing to the successful conduct of the Camp, the SRMC is planning a Mega Congenital Cardiac Camp for Zilla Parishad 11 Schools for about 1100 students in Sudhagadh District in September, 2017. ◆

Moksh Mulam Guru Krupa Shibir



A One Day Shibir, “Moksh Mulam Guru Krupa Shibir” was held on 16 July, 2017 which was conducted by Pritiben Shah and attended by 42 Youngsters from Kolkata & 4 Youngsters from Jamshedpur.

To cultivate swa-seva, all youngsters were asked to keep maun during meals and also requested to clean their own plates after eating. In the first half of the Shibir, Pritiben conducted a Session by way of Conversation between a Shishya & Param Krupalu Dev on "તત્વાર્થ શ્રદ્ધાનમ સમ્યક દર્શનમ". The topics covered were 6 Dravyas, Samanya Gunn of Dravyas, Utility of Samanya Gunn in our Daily Life, How they are related to Aatma Na 6 Padd, etc.

Some important vachans of Pritiben were:

1. The મારૂગ is from You to You, so any બાહ્ય factors should not affect your પુરુષાર્થ.

2. સત્સંગ is not a ક્રિયા, it's a Correct Way of Thinking that can be done anytime, anywhere and anyplace.

3. મારી પર્યાયની શુદ્ધતા કરવી = પુરુષાર્થ.

4. When my Destination is "Happiness", then how can it's journey be not full of "Happiness". And so there can't be any place of "Negativity" or "Sadness".



Second Half of the Shibir started with Parmarthik Housie. Instead of numbers various Parmarthik Words like names of 12 Bhavna, names of 5 Gnan, Samkit na 5 Lakshan, etc. were used. One liner definitions were given and the participants had to choose the correct word. There after 3 short films depicting the Importance of Guru in Life, How He helps us achieving the goal gradually, How a True Shishya follows his Guru's Aagna, etc. were shown followed by a small Q-A Session. ◆

આગન્તુક

■ **ધીરુબહેન પટેલ**

(૮)

એ આશિષનું શું આ ફળ હતું? યૌવનને પગથારેથી જ એ તો પાછો વળી જતો હતો. નિયંતાએ એને માટે પૂર્ણ આયુ નહીં નિરધાર્યું હોય?... એની બ્રહ્મજિજ્ઞાસા આ અવતારમાં શું અધૂરી જ રહી જશે?... ઈશાને એક વખત સ્નેહથી એના માથા પર હાથ મૂક્યો અને ઈષ્ટ મંત્રના અજપાજાપમાં એ ખોવાઈ ગયો. કેટલો સમય પસાર થઈ ગયો હશે એનું ઈશાનને ભાન ન રહ્યું. નર્સે બહુ આસ્તેથી કહ્યું, 'અબ સ્પન્જ કરના પડેગા' ત્યારે એ ઊઠ્યો અને રજત સામે જોઈને બોલ્યો, 'રજત! આનંદમાં રહેજે.'

બહાર નીકળતાં નિરંજનભાઈને થયું, 'આવા કેવા આશિર્વાદ? સારા થવાનું કે જીવતા રહેવાનું તો બોલ્યા નહીં.' પણ ઈપ્સિતા ખુશ હતી. એના દિલમાં પૂરી શ્રદ્ધા હતી કે રજત જરૂર સાજો થઈ જશે. ભગવાને ઈશાનબાબાને એને માટે જ અહીં મોકલ્યા છે.

'એને શું થયું છે?' ઈશાને પૂછ્યું.

'જ્ઞાનતંતુઓની જ કંઈ ગરબડ છે. ડૉક્ટરો જાતજાતનાં નામ આપે, પણ આપણે તો એટલું જાણીએ કે હાલત બગડતી જાય છે. એને કેટલું ભાન છે એય સમજાતું નથી. ઘણા દિવસ હૉસ્પિટલમાં રાખ્યો. બધી તપાસ કરી, જાતજાતના ઈલાજો કર્યા. પછી એમના કહેવાથી જ અહીં ઘરે લઈ આવ્યા. ટ્રીટમેન્ટ ચાલે છે, પણ કોઈ ગેરન્ટી નથી. મને તો લાગે છે હવે કંઈ આશા જેવુંયે નથી.' મનમાં રાત-દિવસ અબોલપણે ઘૂમતો રહેતો ભય એકાએક આ સાદાસીધા માણસ પાસે પ્રગટ થઈ ગયો.

'એવું ન બોલો, ભગવાને શું ધાર્યું છે એની આપણને શી ખબર?' ઈશાને કહ્યું.

ઈપ્સિતાએ સમારેલાં ફળની તાસક આણીને મૂકી. આનાકાની કર્યા વગર ઈશાને એમાંથી પીચના બે ટુકડા લીધા. નિરંજનભાઈના અને ઈપ્સિતાના હાથમાં મૂક્યા. ફળવાળો હાથ માથે અડાડીને ચીરીઓ મોંમાં મૂકી નેપ્કિનથી હાથ લૂછતાં નિરંજનભાઈ બોલ્યા, 'મારી એક વાત માનશો, બાબા? રજત છે ત્યાં લગી તમે અહીં મારે ત્યાં જ રહેવાનું રાખો. અહીં તમારી તમામ સગવડ સચવાશે. તમે જેમ કહેશો એમ બધી ગોઠવણ કરી દઈશું.'

ઈશાન વિચારમાં પડી ગયો. પોતે અહીં આવીને રહે તે ઉચિત ગણાય ખરું?

'બાબા! આવશો ને?' ઈપ્સિતાએ પૂછ્યું. 'પપ્પાને સારું લાગશે.'

ઠીક છે, એક ચિંતાતુર પિતાને થોડું ઘણું આશ્વાસન મળતું હોય તો જીદ શા સારુ કરવી? ક્યાંક ને ક્યાંક રહેવાનું તો છે જ. ફ્રાન્સિસની ખોલીમાં કે ગેસ્ટ રૂમમાં કે પછી અહીંયા શો ફરક પડે છે?

'વારુ, એમ કરીએ.'

'બહુ મહેરબાની થઈ. ઈપ્સિતા! તું એમનો સામાન લેવડાવી આવ. સાથે બે જણને લઈ જજે.'

ઈશાન હસ્યો, 'એટલો બધો સામાન નથી. ફ્રાન્સિસ લઈ આવશે.'

'ઈપ્સિતા! તું એમને એમનો રૂમ બતાવ. રજતની પડખેનો ફાવે તો તે, નહીંતર પછી એકદમ એકાન્ત જોઈતું હોય તો બાજુની વિંગમાં.'

'ના, હું રજતની બાજુમાં જ રહીશ' કહીને ઈશાન ઈપ્સિતાની સાથે ચાલવા માંડ્યો. તે જ્યારે ઉત્તરકાશી આવી ત્યારે વધારે ચંચળ હતી. રજતનો શાસ્ત્રભ્યાસ એને પસંદ નહોતો. આશ્રમના વાતાવરણનો કોઈ વિરોધ નહોતો તો અભિમુખતા પણ નહોતી. પણ હવે એમ લાગે છે કે એ સંસાર અને સંન્યાસની સંધિક્ષણે આવીને ઊભી છે. રજતની માંદગીએ એને ખૂબ આર્દ્ર

અને અંતર્મુખ બનાવી દીધી છે. પ્રભુ એનો શોક હરો ! ઈશાનથી અનાયાસે પ્રાર્થના થઈ ગઈ.

રજતની બાજુનો ઓરડો લગભગ એટલો જ મોટો હતો. ફર્નિચર ઓછું હોવાને લીધે કદાચ વધારે મોટો લાગતો હતો.

'તમે આરામ કરો. કંઈ કામ હોય તો આ બટન દબાવજો. તરત જ કોઈ આવશે.બાબા ! ભોજનમાં શું લેશો ?'

'જે હશે તે ચાલશે.'

'બાબા ! યાદ છે, ઉત્તરકાશીમાં હું ને રજત કેવાં આશ્રમને રસોડે જમવા બેસી જતાં ? મને નહોતું ભાવતું, પણ રજત તો તમારી જાડી જાડી રોટલીઓ આરામથી ખાઈ જતો !' પછી એ ગંભીર થઈ ગઈ. ઈશાનની નજર સાથે એની નજર મળી. એક તરફથી ચિંતાના ઓધ ઊછળતા હતાં, બીજી તરફ વાત્સલ્યભરી શાંતિ હતી. જરા વાર ઊભી રહીને ઈપ્સિતા ચાલવા લાગી. એના કંઠમાંથી એક ડૂસકું નીકળી ગયું.

'અત્યારે તો પિતાજીને પણ તમારે જ હિંમત આપવાની છે ઈપ્સિતા !'

'જાણું છું.' કહી આંખો લૂછતી લૂછતી એ જતી રહી.

ઈશાનને મન થયું કે થોડીવાર પદ્માસન વાળીને બેસે. મંત્રજાપમાં તલ્લીન બનીને આ દુનિયાથી થોડો સમય વિશ્રાંતિ મેળવે, પરંતુ બેચાર મિનિટમાં જ કોઈનાં પગલાં સંભળાયા, આંખો ખોલી તો નિરંજનભાઈના નોકર સાથે ફ્રાન્સિસ ઊભો હતો.

'આવ આવ ફ્રાન્સિસ !'

ફ્રાન્સિસ સલામ કરીને સામાન ગોઠવવા માંડ્યો. એને ઘણીબધી ફરિયાદો કરવી હતી, થોડું રિસાવું હતું, પણ એ કશું બોલી ન શક્યો. કામ પતાવીને જરાવાર ઊભો રહ્યો. એ ઈશાનના બોલવાની રાહ જોતો હતો. ઈશાને એને હસીને પૂછ્યું, 'રૂઠ ગયા ફ્રાન્સિસ ?'

'નહીં નહીં ફાધર ! ઐસા કભી મત બોલના. શેઠ લોગ કા બચ્ચા બીમાર હૈ, આપ યહાં રહિયે, જરૂર રહિયે. મગર... હમ હરરોજ એકબાર આયેગા. આપકો દેખેગા. ચૂપકે સે ચલા જાયેગા. હમ આ સકતા હૈ ફાધર ?'

'ક્યો નહીં ?'

એ ખૂબ ખુશ થઈ ગયો. 'હમ અચ્છા આદમી બનેગા અબ ફાધર, આપ દેખ લેના. એક બાર માં કે પાસ ભી જાયેગા. જરૂર જાયેગા. જિસસકા મરજી હોગા તો આપકો ભી લે જાયેગા ફાધર.'

ફરીવાર સલામ કરીને ફ્રાન્સિસ ચાલ્યો ગયો. ભાવનાનો એક પ્રવાહ જાણે એ ઓરડાને ભીંજવી ગયો. ઈશાન મનની સમતુલા પાછી સ્થાપવાનો પ્રયાસ કરતો હતો. એટલામાં રજતની નર્સ બારણે ટકોરા મારીને અંદર આવી. 'કેન યુ કમ ફોર અ મિનિટ, સર ? ધ ડૉક્ટર વુડ લાઈક ટુ સી યૂ !'

